# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 07-10-2026 I VOL : 12 I Issue : 202 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

સારા સમયની રાહ ન જુઓ, સમયને સારો બનાવો.


3  ગાંધીનગરમાં પરેડના જવાનો માટે યુદ્ધના ધોરણે ફોગિંગ અને સર્વેલન્સની કામગીરી...

4  બિગ બોસ ફેમ યુ-ટ્યૂબર અનુરાગ ડોભાલની ધરપકડ: રિશ્તેદાર...

6  'દૃશ્યમ 3'નો બોક્સ ઓફિસ પર ધમાકો, ચાર દિવસમાં 300 કરોડ રૂપિયા છાપ્યા

7  27 ટકા હિસ્સા સાથે ઓમાન ભારતનું એલએનજીનું સૌથી...


## એક નજર...

### નેહા મલિકનો ગ્લેમરસ અવતાર: ક્રોપ ટોપ-ડેનિમ શોર્ટ્સમાં શેર કરી તસવીરો



ભોજપુરી અભિનેત્રી નેહા મલિકને આજે કોઈ પરિચયની જરૂર નથી. તેમણે પોતાના દમ પર ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. નેહા પોતાના લુકને કારણે ચર્ચામાં છે. નેહા મલિકે પંજાબી મ્યુઝિક ઈન્ડસ્ટ્રી અને ભોજપુરી સિનેમામાં પોતાની શાનદાર એક્ટિંગ અને ગ્લેમરસ સ્ટાઈલથી એક ખાસ ઓળખ બનાવી છે.

## NEWS TRACK

### અમેરિકન સૈનિકને ગોળી મારીને મોતની સજા આપવામાં આવશે: 65 વર્ષમાં આવો પહેલો કેસ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પૂર્વ અમેરિકન સૈનિક નિદાલ હસનને ગોળી મારીને મોતની સજા આપવાનો આદેશ આપ્યો છે. પેન્ટાગોને સોમવારે આ માહિતી આપી હતી. જો હસનની સજા લાગુ થશે, તો 1961 પછી અમેરિકાની સૈન્ય ન્યાય વ્યવસ્થા હેઠળ મોતની સજા મેળવનાર તે પ્રથમ વ્યક્તિ હશે. સૈન્ય વ્યવસ્થામાં છેલ્લે પ્રાઈવેટ જૉન એ. બેનેટને મોતની સજા આપવામાં આવી હતી. હસને 2009માં ટેક્સાસના સૈન્ય મથક પર ધાર્મિક નારા લગાવતા ગોળીબાર કર્યો હતો, જેમાં 13 લોકોનાં મોત થયાં હતાં. 5 નવેમ્બર 2009ના રોજ સેનાના મનોચિકિત્સક મેજર નિદાલ હસન પિસ્તોલ લઈને ફોર્ટ હૂડ સૈન્ય મથકે પહોંચ્યો અને સૈનિકો તથા અન્ય લોકો પર અચાનક ગોળીબાર કરી દીધો. અમેરિકાના સૈન્ય મથક પર થયેલો આ સૌથી ઘાતક સામૂહિક ગોળીબાર હતો. તે સમયે અમેરિકા અફઘાનિસ્તાન અને ઈરાકમાં યુદ્ધ લડી રહ્યું હતું. હસને બાદમાં કહ્યું હતું કે તે આ યુદ્ધોને ગેરકાયદેસર અને અનૈતિક માનતો હતો અને જેહાદ માટે હુમલો કર્યો હતો.

### હોર્મુઝ પાસે જહાજ પર હુમલમાં 11 ભારતીયો ઘાયલ:ભારતે તાત્કાલિક હુમલા રોકવા કહ્યું

ભારતે મંગળવારે ઓમાન નજીક હોર્મુઝની ખાડીમાં પનામાના ધ્વજવાળા વેપારી જહાજ પર થયેલા હુમલાની નિંદા કરી. હુમલામાં 12 ક્રૂ સભ્યો ઘાયલ થયા, જેમાંથી 11 ભારતીય છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, જહાજ એમટી ઓન પીસ ઓમાનના કિનારેથી પસાર થઈ રહ્યું હતું. તે દરમિયાન તેના પર એક પ્રોજેક્ટાઈલથી હુમલો કરવામાં આવ્યો. જહાજમાં કુલ 19 લોકો સવાર હતા. તેમાં 17 ભારતીય નાગરિકો હતા. ઓમાની અધિકારીઓની મદદથી ઘાયલોને બહાર કાઢીને ઓમાનના ખાસાબમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. ભારતે આ વિસ્તારમાં જહાજો પર થઈ રહેલા સતત હુમલાઓ અંગે ચિંતા વ્યક્ત કરી. તેણે શાંતિ અને સ્થિરતા માટે આવા હુમલાઓ તાત્કાલિક રોકવાની માગ કરી. ફેબ્રુઆરીથી અત્યાર સુધી હોર્મુઝમાં થયેલા હુમલાઓમાં 100થી વધુ ભારતીય નાવિકો પ્રભાવિત થઈ ચૂક્યા છે. જ્યારે આ હુમલાઓમાં 11 ભારતીય નાવિકોના મોત થયા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસવાલે 29 સપ્ટેમ્બરે જણાવ્યું હતું.

### તિરંગા સામે હાથ ફેલાવીને ઊભા રહ્યા પ્રિયંકા ગાંધી

# સંસદથી ચૂંટણી પંચ સુધી લોકશાહીની કાસળ કાઢતી કૂચ:

## રાહુલ સહિતના વિપક્ષી સાંસદોને રસ્તામાં રોકતા રાજકીય ભૂકંપ, 'જ્ઞાનેશકુમાર ડરેલા છે' કહી આક્રમક પ્રહાર

વિશેષ અહેવાલ: પાક્કો ગુજરાત

દેશની રાજધાની દિલ્હીમાં લોકશાહી અને બંધારણની રક્ષાના મોટા-મોટા દાવાઓ વચ્ચે આજે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો હતો. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની આગેવાની હેઠળ 'ઈન્ડિયા' ગઠબંધનના સેંકડો સાંસદોએ સંસદ ભવનથી લઈને ચૂંટણી પંચ સુધી એક વિશાળ વિરોધ માર્ચ (કૂચ) કાઢી હતી. પરંતુ, લોકશાહીના પવિત્ર સ્તંભો ગણાતા આ બે મહત્ત્વપૂર્ણ સ્થળો વચ્ચે જ દિલ્હી પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવીને અને બેરીકેટ્સ લગાવીને વિપક્ષી સાંસદોને આગળ વધતા અટકાવી દીધા હતા, જેને લઈને રાષ્ટ્રીય રાજકારણમાં હાઈ-વોલ્ટેજ ડ્રામા અને ખળભળાટ મચી ગયો હતો.

### ચૂંટણી પંચ માત્ર 50 મીટર દૂર હતું, છતાં સાંસદોને રોકી દેવાયા: રાહુલ

ચૂંટણી પંચની મુખ્ય ઓફિસથી માત્ર 50 મીટરના અંતરે જ દિલ્હી પોલીસે રોકી દેતા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીનો



પારો સાતમા આસમાને પહોંચી ગયો હતો. રોષે ભરાયેલા રાહુલ ગાંધીએ મીડિયા સમક્ષ સરકાર અને ચૂંટણી પંચ સામે આક્રમક મોરચો ખોલતા ધમાકેદાર નિવેદન આપ્યું હતું. તેમણે ગર્જના કરતા કહ્યું હતું કે, 'અમે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર અને તેમના બે સાથીઓને મળવા માંગતા હતા. અમે દેશના કરોડો સામાન્ય નાગરિકોના અવાજને રજૂ કરીએ છીએ. મને એ નથી સમજાતું કે આ દેશના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને શા માટે રોકવામાં આવી રહ્યા છે? ચૂંટણી પંચ અહીંથી માત્ર 50 મીટર જ દૂર છે, છતાં અમને આગળ જવા દેવામાં આવતા નથી. આખરે પ્રશ્ન શું છે અને વહીવટી તંત્ર કોના ઈશારે આ બધું કરી રહ્યું છે?'

### '300 MPs મળવા માંગે છે, પણ જ્ઞાનેશકુમાર ડરેલા છે'

રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર પર સીધા અને તીખા પ્રહારો કરતા ગંભીર આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચનું મુખ્ય કામ સંપૂર્ણપણે નિષ્પક્ષ રહીને દેશ અને લોકશાહીને ચલાવવાનું છે. પરંતુ આજે જ્યારે દેશના આશરે 300 જેટલા સાંસદો ચૂંટણી કમિશનરને મળીને પોતાની વ્યાજબી રજૂઆત કરવા માંગે છે, ત્યારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર ડરેલા છે. તેમણે લાલ આંખ કરીને સવાલ ઉઠાવ્યો હતો કે, 'જો દેશના જનપ્રતિનિધિઓના આ મોટા પ્રતિનિધિમંડળને ખુદ ચૂંટણી કમિશનર ન મળી શકે, તો આ દેશમાં લોકશાહી અને બંધારણનો અર્થ જ શું બચે છે?'

### વિપક્ષનો દેશવ્યાપી હલ્લાબોલ, સરકાર સામે ઉગ્ર આક્રોશ

સંસદ ભવનથી લઈને ચૂંટણી પંચ સુધીની આ વિરોધ માર્ચ દરમિયાન વિપક્ષી સાંસદોએ કેન્દ્ર સરકાર અને વહીવટી તંત્ર સામે જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. વિપક્ષનું સ્પષ્ટ અને મક્કમ માનવું છે કે દેશમાં ચૂંટણી પ્રક્રિયા અને બંધારણીય સંસ્થાઓની સ્વાયત્તતા પર ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. સરકાર વિરોધ પક્ષના અવાજને દબાવવા માટે પોલીસ બળ અને સત્તાનો ખુલ્લેઆમ દુરુપયોગ કરી રહી છે.

આ ઘટના બાદ રાષ્ટ્રીય રાજકારણનું તાપમાન અચાનક વધી ગયું છે. આગામી દિવસોમાં આ મામલો સંસદની અંદર અને બહાર વધુ ઉગ્ર બને તેવી અને રાજકીય સમીકરણોમાં હલચલ મચે તેવી પૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

SIRના વિરોધમાં અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમરના રાજીનામાની માગ સાથે રાહુલ અને પ્રિયંકા ગાંધી 5 કલાકથી વધુ સમયથી દિલ્હીના આકાશવાણી ભવન પરિસરમાં ધરણા પર બેઠા છે.

## બંગાળ, આસામ, તમિલનાડુ અને પુડુચેરીની બેઠકો પર મતદાન પૂર્ણ

### સૌથી વધુ 71.79% મતદાન નંદીગ્રામમાં થયું

નવી દિલ્હી

દેશના ચાર રાજ્યો પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ અને પુડુચેરીમાં 6 બેઠકો પર મંગળવારે થયેલું મતદાન સાંજે 6.00 વાગ્યે સમાપ્ત થયું. બપોરે 3 વાગ્યા સુધીના મતદાર ટર્નઆઉટમાં સૌથી વધુ 71.79% મતદાન પશ્ચિમ બંગાળના નંદીગ્રામમાં નોંધાયું. આમ જનતા ઉન્નયન પાર્ટી (AJUP)ના પ્રમુખ અને ધારાસભ્ય હુમાયુ કબીરની બંગાળના મુર્શિદાબાદમાં આવેલી તેમની પાર્ટી કચેરીમાંથી પોલીસે ધરપકડ કરી છે. પોલીસે તેમના પર ચૂંટણીમાં અનિયમિતતાઓનો આરોપ મૂક્યો છે. તેમના પુત્ર ગુલામ નબી આઝાદ પણ રેજીનગરથી ઉમેદવાર છે. મીડિયા સાથે વાત કરતાં નંદીગ્રામના કોંગ્રેસ ઉમેદવાર મિલન પ્રધાને આરોપ લગાવ્યો છે કે તેમના પોલિંગ એજન્ટ્સને બળજબરીથી ઉઠાવી લેવામાં આવ્યા હતા. જે બેઠકો પર મતદાન થયું તેમાં પશ્ચિમ બંગાળની નંદીગ્રામ અને રેજીનગર, તમિલનાડુની મદુરંતકમ અને ધારાપુરમ, પુડુચેરીની થટ્ટાનચાવડી વિધાનસભા બેઠક અને આસામની નગાંવ લોકસભા બેઠક સામેલ છે.

## એર માર્શલ આશુતોષ દીક્ષિત બન્યા ભારતીય વાયુસેનાના નવા વડા

નવી દિલ્હી

ભારતીય વાયુસેના(IAF)ની કમાન હવે ફાઈટર પાઈલટ એર માર્શલ આશુતોષ દીક્ષિતના હાથમાં સોંપવામાં આવી છે. તેઓ વાયુસેનાના નવા એર ચીફ માર્શલ તરીકે નિમણૂક પામ્યા છે. હાલમાં તેઓ વાયુસેનાના 51મા વાઈસ ચીફ ઑફ એર સ્ટાફ તરીકે ફરજ બજાવી રહ્યા છે, જે પદ તેમણે 1 જુલાઈ 2026ના રોજ સંભાળ્યું હતું. તેઓ આગામી 31 ઑક્ટોબરે સત્તાવાર રીતે વાયુસેના પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળશે. એર માર્શલ આશુતોષ દીક્ષિત 6 ડિસેમ્બર 1986ના રોજ વાયુસેનાની ફાઈટર સ્ટ્રીમમાં કમિશન થયા હતા. તેઓ નેશનલ ડિફેન્સ એકેડેમી ખડકવાસલા, ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કૉલેજ (બાંગ્લાદેશ) અને નેશનલ ડિફેન્સ કૉલેજ(નવી દિલ્હી)ના પૂર્વ વિદ્યાર્થી રહ્યા છે.

### 10 ઓક્ટોબરે મોટા આંદોલનની ચીમકી ઉચ્ચારી

## 'અમને પણ જેલમાં પૂરી દો': ઘર બહાર 50 પોલીસ તૈનાત થતાં અભિજીત દીપકેનો પ્રહાર

મુંબઈ



મહારાષ્ટ્રમાં સામાજિક કાર્યકર્તા અભિજીત દીપકેના ઘર બહાર 50થી વધુ પોલીસકર્મીઓ તૈનાત કરાતા રાજકીય વર્તુળોમાં ગરમાવો આવ્યો છે. દીપકેએ પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો કે મહારાષ્ટ્ર પોલીસ તેમના કાર્યકર્તાઓને દિલ્હીના જંતર-મંતર ખાતે આંદોલનમાં ન જવા દબાણ કરી રહી છે. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે 10 ઓક્ટોબરે મોટા આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. મહારાષ્ટ્રમાં સામાજિક કાર્યકર્તા અને નેતા અભિજીત દીપકેના ઘરની બહાર સાદા કપડામાં 50થી વધુ પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે. તેમની પ્રસ્તાવિત પ્રેસ કોન્ફરન્સથી બરાબર પહેલા થયેલી આ અચાનક પોલીસ કાર્યવાહીથી રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. પ્રશાસન તરફથી આ સુરક્ષા વધારવા પાછળનું કોઈ સત્તાવાર કારણ હજુ સુધી સામે આવ્યું નથી. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અભિજીત દીપકેએ પોલીસ અને સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. દીપકેએ દાવો કર્યો કે મહારાષ્ટ્ર પોલીસ દ્વારા તેમના કાર્યકર્તાઓને નોટિસ મોકલીને દિલ્હીના જંતર-મંતર ખાતે યોજાનાર આંદોલનમાં ન જવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. તેમણે સવાલ કર્યો કે 'ચંદ્રપુર પોલીસને પહેલેથી કેવી રીતે ખબર કે હિંસા થવાની છે?'. તેમણે કહ્યું કે, 'હું દેશભરમાં મહારાષ્ટ્ર પોલીસના વખાણ કરું છું, પણ આજે મહારાષ્ટ્ર પોલીસે મારું દિલ તોડી નાખ્યું છે.

# ગુજરાત ભાડા વિધેયક-2026 સામે વકીલોની લાલ આંખ

## કાયદો ગરીબ અને મધ્યમવર્ગ વિરોધી હોવાનો આક્ષેપ કરી કોંગ્રેસે ભાજપ સરકાર સામે મોરચો ખોલ્યો

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર | રાજકીય વિશેષ અહેવાલ

ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા લાવવામાં આવેલા વિવાદાસ્પદ 'ગુજરાત ભાડા વિધેયક, ૨૦૨૬' (Gujarat Rent Act 2026) સામે રાજ્યભરના વકીલો અને બાર એસોસિએશનો દ્વારા ઉગ્ર વિરોધ અને હડતાલનો સિલસિલો યથાવત છે. આ કાયદાને સદંતર ગરીબ, સામાન્ય અને મધ્યમવર્ગ વિરોધી ગણાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના લીગલ સેલના અધ્યક્ષ અને જાણીતા ધારાશાસ્ત્રી શ્રી યોગેશ રવાણીએ એક પ્રેસ કોન્ફરન્સ યોજીને સરકારની નીતિઓ સામે પ્રચંડ આક્રોશ ઠાલવ્યો હતો. તેમણે આ કાયદાને સીધેસીધો બંધારણ વિરોધી ગણાવીને તેને તાત્કાલિક ધોરણે પાછો ખેંચવાની ઉગ્ર માંગ કરી છે.

બંધારણની મૂળભૂત ભાવના અને શક્તિના વિભાજન વિરુદ્ધનો કાયદો: યોગેશ રવાણી

પત્રકાર પરિષદને સંબોધતા શ્રી યોગેશ રવાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભામાં ગુજરાત બિલ નં. ૨૨ ઓફ ૨૦૨૬ તરીકે પસાર થઈને ગત તા. ૩૧-૦૮-૨૦૨૬ ના રોજ ગેઝેટમાં પબ્લિશ થયેલો આ રેન્ટ એક્ટ ભારતના મૂળભૂત બંધારણની વિરુદ્ધમાં છે. ભારતીય બંધારણ સરકારી તંત્રની ત્રણ સ્વતંત્ર પાંખોનું નિર્માણ કરે છે:

1. લેજિસ્લેટિવ (વિધાનસભા/સંસદ)
2. એક્ઝિક્યુટિવ (કારોબારી)
3. જ્યુડિશિયરી (ન્યાયતંત્ર)

આ ત્રણેય પાંખોની કાર્યપ્રણાલી અને મર્યાદાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે, અને જ્યુડિશિયરી એ સંપૂર્ણપણે સ્વતંત્ર રહીને ન્યાય પ્રક્રિયા હાથ ધરવા માટેની સ્વાયત્ત સંસ્થા છે. પરંતુ, સરકાર દ્વારા લાવવામાં આવેલા નવા રેન્ટ એક્ટની કલમ-૩૦ હેઠળ 'રેન્ટ ઓથોરિટી' તરીકે ડેપ્યુટી કલેક્ટર અને કલમ-૩૩ મુજબ 'રેન્ટ કોર્ટ' તરીકે એડિશનલ કલેક્ટર કક્ષાના અધિકારીઓની રચના કરવામાં આવી છે. કારોબારી (એક્ઝિક્યુટિવ) અધિકારીઓને ન્યાયિક પ્રક્રિયા અને સત્તા સોંપવાનો આ કાયદો બંધારણની મૂળભૂત જોગવાઈઓ પર સીધો ઘા છે.

સરકારના આ અધિકારીઓ સરકારના ઉચ્ચ અધિકારીઓની દબાણ કે સૂચનાઓને અવગણીને ક્યારેય નિષ્પક્ષ રીતે ન્યાય આપી શકે નહીં, અને તેઓ કાયદાકીય તથા ન્યાયિક પ્રક્રિયાના પૂરતા અનુભવી પણ નથી.

### અયોગ્ય કાનૂની જોગવાઈઓ અને ભેદભાવ વગરના નિયમો

કોંગ્રેસના લીગલ સેલના અધ્યક્ષે વધુમાં પ્રહાર કરતા જણાવ્યું હતું કે, આ કાયદાના અમલ માટે 'ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩' (જે જૂના ક્રિમિનલ પ્રોસીજર કોડનું નવું સ્વરૂપ છે અને ક્રિમિનલ કોર્ટની પ્રક્રિયા માટેનો કાયદો છે) ની જોગવાઈઓ લાગુ કરવામાં આવી છે, જે સદંતર અયોગ્ય છે.

આ ઉપરાંત, આ નવા કાયદામાં રહેણાંકના મકાનો, કોમર્શિયલ પ્રોપર્ટીઝ તેમજ ઉદ્યોગોની ઈમારતો વચ્ચે કોઈ પણ પ્રકારનો તફાવત કે ભેદરેખા રાખવામાં આવી નથી. પરિણામે, સામાન્ય રહેણાંકના કેસોમાં પણ નાના માણસો અને ગરીબ ભાડુઆતોને ભવિષ્યમાં ભારે હાલાકીઓ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

### કોંગ્રેસ પક્ષની કડક ચીમકી: કાયદો તાત્કાલિક રદ કરો

ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ અનેક ગંભીર ખામીઓ અને વિસંગતતાઓથી ભરેલું છે, જેના કારણે રાજ્યના નાગરિકોમાં અસંતોષની આગ સળગી રહી છે. આ કાયદો પ્રજાના હિતમાં ન હોવાથી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે સરકાર અહંકાર છોડીને આ જનવિરોધી કાયદાને ત્વરિત રદ કરે. આ પત્રકાર પરિષદમાં ડૉ. મનિષ એમ. દોશી (મીડિયા કન્વીનર અને પ્રવક્તા) પણ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. વકીલોના સતત વિરોધ અને કોંગ્રેસના આ આક્રમક વલણથી આગામી દિવસોમાં રાજકીય અને કાનૂની મોરચે ઘમાસાણ મચે તેવી પૂરી સંભાવના છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## ગુજરાત ભાડા અધિનિયમ, 2026ના વિરોધમાં મહીસાગર જિલ્લાના વકીલો દ્વારા અચોક્કસ મુદતની હડતાલ અને વિરોધ પ્રદર્શન

મહીસાગર, કાનજી ધામોત

ગુજરાત ભાડા અધિનિયમ, ૨૦૨૬ નો કાયદો અમલમાં લાવવામાં આવ્યો છે, જેના વિરોધમાં ગુજરાત લેવલે તમામ કોર્ટો, તમામ ટ્રિબ્યુનલ કોર્ટો અને તમામ વકીલ મંડળો દ્વારા 'ધ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત' ના આદેશ અનુસાર સંપૂર્ણપણે અચોક્કસ મુદતની હડતાલ પાડવામાં આવી છે.

આ અચોક્કસ મુદતની હડતાલના સમર્થનમાં બાર સંસ્થાની સૂચના અને ગાઈડલાઈનથી મહીસાગર જિલ્લા બાર એસોસિએશન દ્વારા પણ આજ રોજ અચોક્કસ મુદતની હડતાલમાં વકીલ સમર્થનમાં હડતાલ પાડવામાં આવી છે.

આકાયદા સામેના વકીલ મંડળના વાંધાઓમાં સૌથી પહેલા જ્યુરિડીક્શનનો પ્રશ્ન ઊભો થયો છે. અગાઉ રેન્ટ એક્ટ હતો ત્યારે તે તમામ કોર્ટોના તાબા હેઠળ ચાલતી હતી, પરંતુ હવે તેને રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં સોંપવામાં આવ્યો છે. રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં સોંપવામાં આવતા તેમાં ઘણા બધા ભ્રષ્ટાચાર થવાના સંભાવ રહેલા છે.

આ કાયદાથી વકીલ મંડળને કામનું ભારણ ઘટે અને વકીલો તથા રેવન્યુ કોર્ટમાં ભારણ વધે તેવું અસંભવ છે. આ કાયદાથી ઘણા બધા નાગરિકોને અને વકીલ મંડળને નુકસાન થાય તેવો આ કાયદો છે, અને જ્યાં સુધી આ કાયદો પરત નહીં ખેંચવામાં આવે ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાલ ચાલુ રહેશે. આ વિરોધ પ્રદર્શન અને હડતાલના સમર્થનમાં મહીસાગર જિલ્લા બાર એસોસિએશનના પ્રમુખ જે. જે. મકવાણા સહિતના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

## મહુધામાં ગુનો ન નોંધવા સમાધાન પેટે રૂ. 2.50 લાખની લાંચ: વકીલ ઝડપાયો, ASI સામે પણ ગુનો

ખેડા

ખેડા જિલ્લાના મહુધામાં ગુનો દાખલ ન કરવા અને સમાધાન કરાવવા પેટે રૂ. 2.50 લાખની લાંચ લેવાના કેસમાં ACBએ સફળ ટ્રેપ ગોઠવી વકીલ જસ્ટીસ કાલીદાસ રોહિત (ઉં.વ. 30)ને ઝડપી પાડ્યો છે. મહુધા પોલીસ સ્ટેશનના ASI નરેન્દ્રસિંહ જીલુભા ચાવડાનું પણ આ કેસમાં નામ સામે આવ્યું છે. આ કાર્યવાહી મહુધા ચોકડી નજીક નાયરા પેટ્રોલપંપની સામે આવેલા શ્યામ આર્કેડની ઓફિસ નં. 24માં કરવામાં આવી હતી.

ફરિયાદી અને તેમનો પુત્ર અલગ-અલગ કંપનીઓના ડિટર્જન્ટ પાઉડર તથા સંબંધિત ચીજવસ્તુઓનો વેપાર કરે છે. ગત 1 ઓક્ટોબરે વકીલ જસ્ટીસ કાલીદાસ રોહિતે ફરિયાદીના પુત્ર અને તેના પાર્ટનર પર મહુધાના વેપારીઓ સાથે છેતરપિંડી કર્યાનો આક્ષેપ કરી માલના ટેમ્પા સાથે મહુધા પોલીસ સ્ટેશનમાં બેસાડી દીધા હતા. ત્યારબાદ 2 ઓક્ટોબરે ફરિયાદી પોલીસ સ્ટેશન પહોંચ્યા ત્યારે ASI નરેન્દ્રસિંહ ચાવડાએ વકીલની હાજરીમાં સમાધાન કરાવવા અને ગુનો દાખલ ન કરવા માટે પ્રથમ રૂ. 5 લાખની માગણી કરી હતી. રકઝકના અંતે રૂ. 2.50 લાખ આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે ACBનો સંપર્ક કરતાં છટકું ગોઠવવામાં આવ્યું હતું. ACBના છટકા દરમિયાન વકીલ જસ્ટીસ કાલીદાસ રોહિતે ફરિયાદી પાસેથી રૂ. 2.50 લાખની લાંચ સ્વીકારતાં ઝડપાઈ ગયો હતો.

## મોરબીમાં ફેક્ટરીના નકશા મંજૂર કરાવવા અને હેરાનગતિ ન કરવા રૂ. 25 હજારની લાંચ: નાયબ નિયામક સહિત બે ઝડપાયા

મોરબી

મોરબીમાં ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગની કચેરીમાં ACBએ સફળ ટ્રેપ ગોઠવી નાયબ નિયામક જતીનભાઈ સુરેશચંદ્ર આદેસરા (ઉં.વ. 43) અને તેમના ડ્રાઈવર અજયસિંહ નાથુભા ઝાલા (ઉં.વ. 28)ને રૂ. 25,000ની લાંચના કેસમાં ઝડપી પાડ્યા છે. ગતરોજ લાલબાગ સ્થિત સેવાસદન ખાતેની ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરીના કમ્પાઉન્ડમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી.

ફરિયાદી ફેક્ટરી એક્ટ એડવાઈઝર તરીકે કન્સલ્ટિંગનું કામ કરે છે. ફેક્ટરીના નકશા મંજૂર કરાવવા તેમજ ફેક્ટરીઓમાં વિઝિટ દરમિયાન હેરાનગતિ ન કરવા બદલ આરોપી નંબર-1 જતીનભાઈ આદેસરાએ ફરિયાદી પાસે રૂ. 25,000ની લાંચ માગી હતી. લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી ફરિયાદીએ મોરબી ACBનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે ગોઠવાયેલા છટકા દરમિયાન જતીનભાઈએ લાંચની રકમ ડ્રાઈવર અજયસિંહ ઝાલાને આપવાનું જણાવ્યું હતું. પંચની હાજરીમાં અજયસિંહે ફરિયાદી પાસેથી રૂ. 25,000 સ્વીકારતાં ACBની ટીમે બંને આરોપીઓને સ્થળ પરથી ઝડપી લીધા હતા.

## માતેલા સાંઢની માફક આઈસરે બાઈકને અડફેટે લેતા ચાલકનું સ્થળ પર મોત

ગાંધીનગર

ગાંધીનગરના મોટા ચિલોડા સર્કલ નજીક દહેગામ રોડ પર ગરનાળા પાસે ગઈકાલે સાંજના અરસામાં અજાણ્યા આઈસર ગાડીના ચાલકે પૂરપાટ ઝડપે બાઈક સવાર યુવકને જોરદાર ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓને કારણે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અકસ્માત સર્જીને ચાલક આઈસર લઈને અંધારામાં નાસી ગયો હતો. આ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના વસ્ત્રાલપુર ખાતે સરકારી વસાહતમાં રહેતા અને મણિનગરની સરકારી આર્ટ્સ કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા રાજેશકુમાર બાબુભાઈ પટેલના નાના ભાઈ ભરતભાઈ બાબુભાઈ બાઈક લઈને દહેગામથી મોટા ચિલોડા તરફ જઈ રહ્યા હતા. દરમિયાન દહેગામ રોડ પર આવેલા ગરનાળા પાસેથી પસાર થતી વખતે સામેથી આવી રહેલા એક અજાણ્યા આઈશર ગાડીના ચાલકે પૂરપાટ ઝડપે ટ્રક હંકારી બાઈકને અડફેટે લીધું હતું. આ અકસ્માતના પગલે ભરતભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અને આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા.

### જનતાની હાલાકી મુદ્દે ઉગ્ર આંદોલનની ચીમકી

# બિસ્માર રસ્તાઓને લઈને કરજણમાં કોંગ્રેસનો હલ્લાબોલ: R&B કચેરીએ જઈને તંત્ર સામે ઉગ્ર રજૂઆત

**ખાડાઓના કારણે રોજબરોજ નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે, વાહનોના પાર્ટ્સ તૂટી રહ્યા છે અને લોકો ગંભીર ઇજાઓનો ભોગ બનીને હોસ્પિટલ ભેગા થઈ રહ્યા છે, છતાં બેફામ બનેલા તંત્રના પેટનું પાણી જરાય હલતું નથી**

કરજણ

વિકાસના મોટા-મોટા બણગા ફૂંકતી સરકારો અને વહીવટી તંત્રના દાવાઓની પોલ ખોલતા બિસ્માર અને ખાડા ટેકરાવાળા માર્ગો હવે સામાન્ય પ્રજા અને વાહનચાલકો માટે રોજિંદા જીવનનું મોટું જોખમ બની ગયા છે. વડોદરા જિલ્લાના કરજણ-શિનોર પંથકના માર્ગોની અત્યંત દયનીય અને જીવલેણ હાલત સામે જનતાનો રોષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. આ ગંભીર મુદ્દે આક્રમક મિજાજ અપનાવતા કોંગ્રેસના કાર્યકરો, સ્થાનિક અગ્રણીઓ અને નાગરિકોએ મોટી સંખ્યામાં એકઠા થઈને માર્ગ અને મકાન વિભાગ (R&B) ની કચેરીએ ધમાકો કર્યો હતો અને તંત્ર સામે ઉગ્ર રજૂઆત કરી હતી. પંથકના મુખ્ય માર્ગો પર પ્રજા ભોગવી રહેલા આ કમરતોડ ત્રાસ સામે તંત્રનું આંખ આડા કાન કરવાની નીતિ સામે તીખો આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. જમીની હકીકત તપાસતા જણાય છે કે કરજણ-શિનોર પંથકમાંથી પસાર થતા અતિ મહત્વના અને વ્યસ્ત માર્ગો જેવા કે માલસર માર્ગ, શિનોર-સાધલી માર્ગ, પોર તેમજ અત્યંત મહત્વનો નારેશ્વર-પાલેજ માર્ગની હાલત એટલી બધી બદતર થઈ ગઈ છે કે ત્યાંથી પસાર થવું એટલે મોતને આમંત્રણ આપવા સમાન છે. આ માર્ગો પર મોટા-મોટા અને મગરના મોં જેવા ઊંડા ખાડાઓ પડી ગયા છે, જેના કારણે ચોમાસાની ઋતુમાં જ નહીં પરંતુ સામાન્ય દિવસોમાં પણ વાહનચાલકો, સ્કૂલના બાળકો, નોકરીયાતો અને રાહદારીઓને અસહ્ય ત્રાસ સહન કરવો પડી રહ્યો છે. ખાડાઓના કારણે રોજબરોજ નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે, વાહનોના પાર્ટ્સ તૂટી રહ્યા છે અને લોકો ગંભીર ઈજાઓનો ભોગ બનીને હોસ્પિટલ ભેગા થઈ રહ્યા છે, છતાં બેફામ બનેલા તંત્રના પેટનું પાણી જરાય હલતું નથી. ખાસ કરીને નારેશ્વર-પાલેજ માર્ગની અત્યંત ખરાબ અને કથળેલી હાલત અંગે તાજેતરમાં જ સ્થાનિક ગ્રામજનો અને જાગૃત નાગરિકો દ્વારા અનોખી રીતે વિરોધ પ્રદર્શનો નોંધાવવામાં આવ્યા હતા. જનતાએ પોતાના અવાજને બુલંદ કરવા માટે અગાઉ પણ અનેક રજૂઆતો કરી હતી, છતાં માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની નિષ્ક્રિયતા અને ઉદાસીનતા યથાવત રહી છે.

પ્રજાની આ રોજિંદી અને વ્યાજબી સમસ્યા તરફ તંત્ર દ્વારા કોઈ જ નક્કર કે સંતોષકારક પગલાં ન ભરવામાં આવતા, આખરે પ્રજાના પક્ષે મેદાને આવીને કોંગ્રેસ પક્ષ દ્વારા R&B કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો અને અધિકારીઓને ખખડાવવામાં આવ્યા હતા.

કોંગ્રેસની આ આક્રમક રજૂઆત અને ચીમકી બાદ હવે R&B વિભાગના નિદ્રાધીન અધિકારીઓ ક્યારે ઊંઘમાંથી જાગે છે અને આ કથળેલી હાલતવાળા માર્ગોનું રીકાર્પેટિંગ કે મરામતની કામગીરી ક્યારે શરૂ થાય છે, તેના પર સમગ્ર પંથકની જનતાની મીટ નમી છે.

જો આગામી ટૂંક સમયમાં આ માર્ગોનું નવેસરથી સમારકામ કરવામાં નહીં આવે, તો કોંગ્રેસ પક્ષ અને સ્થાનિક જનતા દ્વારા ઉગ્રથી ઉગ્ર આંદોલન કરવાની અને રસ્તા રોકો અભિયાન ચલાવવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

### કિશોર લંગડાના પુત્ર-પૌત્રનો ફરી આતંક

## સાબરમતીના વેપારીને સોનાના બિસ્કીટ આપવાનું કહી લાખો રૂપિયા પડાવ્યાં, વાતચીત કરવા બોલાવી માર માર્યો

અમદાવાદ

અમદાવાદના શાહીબાગ અસારવા વિસ્તારમાં કુખ્યાત એવા કિશોર લંગડાના પૌત્ર અને પુત્રની વેપારી સાથેની દાદાગીરી સામે આવી છે. અસારવા દ્વારકાધીશ હોટલ બહાર વેપારીને મળવા બોલાવી મારા વિરુદ્ધ બોપલ પોલીસ સ્ટેશનમાં અરજી કેમ કરી કહી ગાળો બોલીને લોખંડની પાઈપ વડે માર માર્યો હતો અને કારનો કાચ પણ તોડી નાખ્યો હતો. હવે આવીશ તો જાનથી મારી નાખીશું એવી પિતા-પુત્રએ ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત વેપારીએ સારવાર લીધા બાદ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



સાબરમતી વિસ્તારમાં સીમંધર એલીગન્સમાં સૌરભ ગુપ્તા તેમના પરિવાર સાથે રહે છે અને ઘાટલોડિયામાં મોબાઈલની દુકાન ધરાવી વેપાર કરે છે. માર્ચમાં અસારવામાં રહેતા આદિત્ય દિલીપભાઈ રાઠોડ સાથે તેમની ઓળખાણ થઈ હતી. આદિત્યએ વોટ્સએપથી એક સોનાનું બિસ્કીટ મોકલ્યું હતું અને સોનાના બિસ્કીટ ઉપર 10,000 ઓછો ભાવ આપવાનું કહ્યું હતું. 5 ગ્રામ વાળા 15 અને 10 ગ્રામના એક બિસ્કીટ હોવાનું કહ્યું હતું. જેથી ઓછા પૈસામાં સોનું મળતું હોવાથી આદિત્ય પાસેથી લેવા માટે તેને કુલ 61.21 લાખ રૂપિયા આપ્યા હતા. પૈસા આપ્યા બાદ આદિત્યએ સોનાના બિસ્કીટ આપ્યા નહોતા અને અવારનવાર માંગવા છતાં પણ બિસ્કીટ કે રૂપિયા આપતો ન હોવાથી આ બાબતે સૌરભે બોપલ પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. ગઈકાલે 5 ઓક્ટોબરના રોજ આદિત્યએ આ બાબતે વાતચીત કરવા રાત્રે 11 વાગ્યે અસારવા દ્વારકાધીશ હોટેલ ખાતે બોલાવ્યો હતો. જેથી સૌરભ તેના ડ્રાઈવર સાથે ગાડી લઈને હોટેલ પાસે ગયો હતો. આદિત્યના પિતા દિલીપ પટેલ પણ ત્યાં હાજર હતા અને તેમને પૈસા પરત આપવા માટે કહ્યું હતું.

### કોન્ટ્રાક્ટ મજૂરોના વેતનમાં કોઈ વધારો નહીં!

## સરકારે નવો પરિપત્ર કર્યો પણ વેતન દરો જૂના જ રાખ્યાં

ગાંધીનગર

રાજ્ય સરકારે કોન્ટ્રાક્ટ મજૂરોના લઘુત્તમ વેતન દરો અંગે નવો પરિપત્ર જાહેર કર્યો છે, પરંતુ તેમાં વેતનમાં કોઈ નવો વધારો કરવામાં આવ્યો નથી. શ્રમ આયુક્ત કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલા આ પરિપત્રમાં અગાઉ એપ્રિલથી સપ્ટેમ્બર 2026 સુધી અમલમાં રહેલા લઘુત્તમ વેતનના દરોને જ નવા સમયગાળા માટે યથાવત્ રાખવામાં આવ્યા છે. આથી, ઓક્ટોબરથી કોન્ટ્રાક્ટ મજૂરોના દૈનિક વેતનમાં કોઈ સુધારો થશે નહીં. કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, 1970 તથા ગુજરાતના નિયમો હેઠળ કોન્ટ્રાક્ટરોએ સરકાર દ્વારા નક્કી કરાયેલા લઘુત્તમ વેતન કરતાં ઓછું વેતન આપવાનું હોતું નથી. સરકારે એપ્રિલથી સપ્ટેમ્બર, 2026 માટે જે દર નક્કી કર્યા હતા, તે જ દરોને હવે ઓક્ટોબર, 2026થી આગળના સમયગાળા માટે પણ જારી રાખવાનો નિર્ણય કર્યો છે. પરિપત્રમાં દર્શાવ્યા મુજબ ઝોન-1માં ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, 1949 હેઠળની તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના વિસ્તારો, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, 1963 હેઠળની નગરપાલિકાઓ તેમજ સંબંધિત શહેરી વિકાસ સત્તામંડળ (Urban Development Authorities) ની હદમાં આવતા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### સ્પેશિયલ TET પાસ ઉમેદવારોનો સરકાર સામે મોરચો

## '2,908 જગ્યાઓની ભરતી શરૂ કરો', 422 ઉમેદવારોનું ભવિષ્ય અદ્ધરતાલ

અમદાવાદ

સ્પેશિયલ TET પાસ ઉમેદવારોએ સ્પેશિયલ એજ્યુકેટરની સ્થગિત ભરતી પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવાની માંગ સાથે ગાંધીનગરમાં સરકાર સામે મોરચો ખોલ્યો છે. ઉમેદવારોએ દિવ્યાંગ કમિશનરને આવેદનપત્ર આપી ભરતી પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરવાની રજૂઆત કરી છે. ઉમેદવારોનો આક્ષેપ છે કે રાજ્યના 422 ક્વોલિફાઈડ Special TET પાસ ઉમેદવારોનું ભવિષ્ય હાલ અદ્ધરતાલ બની ગયું છે. ઉમેદવારોના જણાવ્યા મુજબ, રાજ્યમાં સ્પેશિયલ એજ્યુકેટરની 2,908 જગ્યાઓની ભરતી પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી છે. તેમનું કહેવું છે કે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ભરતી પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરવી જોઈએ. ઉમેદવારોએ માંગ કરી છે કે 1,504 જગ્યાઓ અનામત રાખ્યા બાદ બાકીની જગ્યાઓ પર તાત્કાલિક ભરતી શરૂ કરવામાં આવે. ઉમેદવારોએ રજૂઆતમાં જણાવ્યું છે કે ભરતી પ્રક્રિયામાં થઈ રહેલા વિલંબને કારણે અનેક ઉમેદવારોની




વયમર્યાદા વટાવી જવાનો ગંભીર પ્રશ્ન ઊભો થયો છે. લાંબા સમયથી ભરતીની રાહ જોઈ રહેલા ઉમેદવારોનું કહેવું છે કે લાયકાત ધરાવતા હોવા છતાં ભરતી પ્રક્રિયા અટકી રહેતા તેમની નોકરીની તક પર અસર થઈ રહી છે. આ ઉપરાંત, સમાજ કલ્યાણ વિભાગ હેઠળની સ્પેશિયલ એજ્યુકેટરની ખાલી જગ્યાઓ પણ ભરવામાં આવે તેવી માંગ ઉમેદવારોએ કરી છે. ઉમેદવારોએ સરકાર અને શિક્ષણ વિભાગને 30 ઓક્ટોબર સુધીમાં યોગ્ય નિર્ણય લેવા માટે સમયમર્યાદા આપી છે. જો આ સમયગાળા દરમિયાન ભરતી પ્રક્રિયા શરૂ કરવા અંગે નિર્ણય નહીં લેવાય તો ગાંધીચિંધ્યા માર્ગે રાજ્યવ્યાપી ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે. ઉમેદવારોએ આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચેતવણી આપતા પોતાના લોહીથી વડાપ્રધાનને પત્ર લખવા તેમજ સ્પેશિયલ TETની માર્કશીટોની જાહેર હોળી કરવા જેવી કાર્યવાહી કરવાની પણ ચીમકી આપી છે.

### ટ્રાફિક ઇ ચલણની લિંક ખોલવી ભારે પડી

## ગાંધીનગરના કુડાસણમાં સિનિયર સિટીઝનના ત્રણ બેંક ખાતામાંથી 1 લાખ બારોબાર સાફ

ગાંધીનગર

ગાંધીનગર ખાતે ડિજિટલ યુગમાં સાયબર ઠગાઈ અને ઓનલાઈન છેતરપિંડીના બનાવો દિવસેને દિવસે ચિંતાજનક રીતે વધી રહ્યા છે. સામાન્ય નાગરિકોની મહેનતની કમાઈ પર સાયબર માફિયાઓ તરાપ મારી રહ્યા છે, જેના કારણે સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. તાજેતરમાં જ ગાંધીનગરના વધુ એક સિનિયર સિટીઝનના ત્રણ બેંક ખાતામાંથી સાયબર ઠગોએ બારોબાર એક લાખથી વધુની રકમ તફડાવી લેતા ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

ગાંધીનગરના કુડાસણ રહેતા 60 વર્ષીય હસમુખભાઈ હરીભાઈ પટેલને ગત 24 ઓગસ્ટના રોજ મોબાઈલમાં એક ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો, જેમાં તેમની ફોર વ્હીલ ગાડીનું ટ્રાફિક ચલણ હોવાનું જણાવીને તેની સાથે એક લિંક મોકલવામાં આવી હતી. જેના પગલે આ લિંક ખોલતાં મોબાઈલ સ્ક્રીન પર પરિવહન ચલણ ભરવાની અધિકૃત સાઈટ જેવું જ પેજ ખુલ્યું હતું. જેમાં તેમને ગાડીનો નંબર રજીસ્ટર કરી માત્ર એક રૂપિયો ભરવાનું જણાવાયું હતું. હસમુખભાઈએ ગૂગલ પે દ્વારા પેમેન્ટ કરવા માટે યુપીઆઈ પિન નાખ્યો હતો પરંતુ આ પેમેન્ટ ફેઈલ થતાં તેમણે તે લિંક બંધ કરી દીધી હતી. આ ઘટના બાદ તા.



30 ઓગસ્ટના રોજ જ્યારે હસમુખભાઈ પોતાનું અન્ય ઓનલાઈન પેમેન્ટ કરવા ગયા ત્યારે ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાનું જણાઈ આવ્યું હતું. આથી તેમણે પોતાના ગૂગલ પે સાથે લિંક કરાયેલા ત્રણેય બેંક એકાઉન્ટ્સ ચેક કર્યા હતા. જેમાં ત્રણેય ખાતામાં બેલેન્સ ઝીરો બતાવી રહ્યું હતું. આ જોઈને તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

ઓનલાઈન છેતરપિંડી થયાનો અહેસાસ થતા 1930 પર ફોન કરીને સાયબર ફ્રોડ અંગે જાણ કરી હતી. બાદમાં આ મામલે બેંકમાં જઈને તપાસ કરવામાં આવી તો તા. 30 ઓગસ્ટના હસમુખભાઈની પત્ની હિનાબેનના નામના એક્સિસ બેંકના ખાતામાંથી રૂ.64,300 તેમજ એસબીઆઈના ખાતામાંથી 8 હજાર અને અન્ય એક ખાતામાંથી રૂ. 28 હજાર બારોબાર ડેબિટ થઈ ગયા હોવાનું માલૂમ પડ્યું હતું. આ અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ટ્રાફિક નિયમો તોડનારા સામે સપ્ટેમ્બરમાં કડક કાર્યવાહી:કુલ રૂ. 66.85 લાખનો દંડ વસૂલાયો

**ઉપરાંત ઓવર સ્પીડમાં વાહન ચલાવનારા સામે 1,943 સ્પીડ મેમો કરાયા હતા, જેમાં રૂ. 38.86 લાખનો દંડ થયો હતો, ટ્રાફિક નિયમોના ગંભીર ભંગ બદલ BNS કલમ 281 હેઠળ ભયજનક ઝડપે ડ્રાઇવિંગના 18 કેસ, BNS કલમ 285 હેઠળ અડચણરૂપ પાર્કિંગના 19 કેસ નોંધાયા હતા**

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો સામે સપ્ટેમ્બર મહિનામાં ટ્રાફિક પોલીસે વિવિધ પ્રકારની કાર્યવાહી હાથ ધરી હતી. જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના બાદ ઈન્ટરસેપ્ટર ટ્રાફિક મોબાઈલ, બાઈક સ્ક્વોડ અને સ્પીડગનથી કામગીરી કરી નિયમભંગના કેસ કરવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર દરમિયાન 203 વાહન ડિટેઈન કરાયા હતા. જ્યારે 3,533 અલગ-અલગ હેડ હેઠળની પાવતી કરી રૂપિયા 24.22 લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો. ઓવર સ્પીડના 1,943 સ્પીડ મેમો કરીને રૂ. 38.86 લાખનો દંડ કરાયો હતો. ગાંધીનગરમાં પોલીસ અધિક્ષકની સૂચના બાદ જિલ્લા ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટર વિજયસિંહ પરમાર અને એન. જી. સોલંકીની આગેવાની હેઠળ નિયમભંગ કરનારા વાહનચાલકો સામે કેસ કરાયા હતા. સપ્ટેમ્બર મહિનામાં ટ્રાફિક પોલીસે કુલ 203 વાહનો ડિટેઈન કર્યા હતા. વિવિધ ટ્રાફિક નિયમોના ભંગ બદલ 3,533 પાવતી કરાઈ હતી, જેમાં રૂ.24,22,700નો દંડ કરાયો હતો. ઉપરાંત ઓવર સ્પીડમાં વાહન ચલાવનારા સામે 1,943 સ્પીડ મેમો કરાયા હતા, જેમાં રૂ. 38.86 લાખનો દંડ થયો હતો. ટ્રાફિક નિયમોના ગંભીર ભંગ બદલ BNS કલમ 281 હેઠળ ભયજનક ઝડપે ડ્રાઈવિંગના 18 કેસ, BNS કલમ 285 હેઠળ અડચણરૂપ પાર્કિંગના 19 કેસ નોંધાયા હતા. જ્યારે MV Act 185 હેઠળ ડ્રિંક એન્ડ ડ્રાઈવના 2 કેસ કરાયા હતા. ભારે વાહન જાહેરનામાના ભંગના 7 કેસ અને વાહનમાં મારક હથિયાર રાખવા બદલ 1 કેસ નોંધાયો હતો. વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નંબર પ્લેટને લઈને હાથ ધરાયેલી ડ્રાઈવ દરમિયાન 719 વાહનો ડિટેઈન કરાયા હતા. 1,198 પાવતી કરી રૂ.3,76,900નો દંડ વસૂલાયો હતો. સપ્ટેમ્બરમાં ડભોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સૌથી વધુ 982 સ્પીડ મેમો કરાયા હતા, જેમાં રૂ. 19.64 લાખનો દંડ થયો હતો.

### વાહકજન્ય રોગો સામે આરોગ્ય વિભાગની લાલ આંખ

# ગાંધીનગરમાં પરેડના જવાનો માટે યુદ્ધના ધોરણે ફોગિંગ અને સર્વેલન્સની કામગીરી શરુ

ગાંધીનગર

રાજ્યમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગોના અસરકારક નિયંત્રણ અને અટકાયતી પગલાંના ભાગરૂપે ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે એક અત્યંત મહત્વપૂર્ણ ઉચ્ચસ્તરીય (હાઈ-લેવલ) સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યના તમામ જિલ્લાઓ તેમજ મહાનગરપાલિકા વિસ્તારોમાં રોગચાળાની વર્તમાન સ્થિતિની સઘન સમીક્ષા કરવામાં આવી હતી.



આગામી 'રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ'માં ભાગ લેવા માટે દેશના વિવિધ રાજ્યોમાંથી BSF, CRPF અને ITBPના જવાનો ગત ૨૧ સપ્ટેમ્બરથી ગાંધીનગર ખાતે આવી પહોંચ્યા છે. આ સુરક્ષા જવાનોની રહેવાની કામચલાઉ વ્યવસ્થા ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ અને ૨૯ના સરકારી આવાસમાં કરવામાં આવી છે. પરંતુ, આ નવા બનેલા સરકારી આવાસ પરિસરમાં પાણી ભરાવાને કારણે મચ્છરોનો ભારે ઉપદ્રવ સર્જાયો હતો, જેના પરિણામે કેટલાક જવાનોમાં ડેન્ગ્યુના કેસો નોંધાતા તેઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર મેળવી રહ્યા છે. આ ગંભીર બાબતને ધ્યાને લઈને આરોગ્ય મંત્રીશ્રીએ તાત્કાલિક ધોરણે કડક પગલાં ભરવાના આદેશો જારી કર્યા છે.

જવાનોની સ્વાસ્થ્ય સ્થિતિ અંગે ગંભીર નોંધ લેતા મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ આદેશ કર્યો છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા સઘન ફોગિંગ, દવાઓનો છંટકાવ અને પેશન્ટ ટ્રેકિંગની કામગીરી યુદ્ધના ધોરણે ચલાવવામાં આવે. આ ઉપરાંત, જવાનોના નિવાસસ્થાનો તેમજ પરેડ ગ્રાઉન્ડ ખાતે તાવનું સર્વેલન્સ, પોરાનાશક કામગીરી અને દૈનિક ફોગિંગ સઘન રીતે હાથ ધરવામાં આવે. મંત્રીશ્રીએ સ્પષ્ટ સૂચના આપી હતી કે જવાનોના સરકારી આવાસના દરેક બ્લોક દીઠ ૪-૪ આરોગ્ય કર્મચારીઓની નિયુક્તિ કરવામાં આવે. આવાસ પરિસરના કોઈ પણ ખૂણામાં કે પરિસરમાં ક્યાંય પણ પાણી ભરાઈ ન રહે તે માટે સઘન ચકાસણી કરી તાત્કાલિક નિકાલ લાવવાની કડક તાકીદ કરવામાં આવી છે.

બેઠક દરમિયાન મંત્રીશ્રીએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં છેલ્લા બે મહિના દરમિયાન ચાંદીપુરા વાયરસનો એક પણ નવો કેસ નોંધાયો નથી. પ્રથમ કેસ સામે આવ્યા બાદ આરોગ્ય વિભાગની ટીમે રાત-દિવસ કરેલી પ્રશંસનીય કામગીરીથી આ વાયરસનો ફેલાવો સફળતાપૂર્વક અટકાવવામાં આવ્યો છે.

વધુમાં, મંત્રીશ્રીએ આંકડાકીય માહિતી આપતા જણાવ્યું કે વર્ષ ૨૦૨૬માં ગત વર્ષની સરખામણીએ રાજ્યમાં મેલેરિયાના કેસોમાં ૩૯.૬ ટકા તેમજ ડેન્ગ્યુના કેસોમાં ૨૦.૬ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે. ચાલુ વર્ષે ૪૦મા સપ્તાહ સુધીમાં રાજ્યભરમાં ૧.૩૯ કરોડથી વધુ લોહીના નમૂનાઓનું પરીક્ષણ કરાયું છે, જેમાંથી ૧,૪૦૧ દર્દીઓમાં મેલેરિયાનું નિદાન થયું છે.

ડેન્ગ્યુના સચોટ નિદાન માટે રાજ્યની મેડિકલ કોલેજો સંલગ્ન ૪૨ હોસ્પિટલોમાં ખાસ નિદાન કેન્દ્રો કાર્યાન્વિત કરાયા છે, જ્યાં ૧.૫૦ લાખથી વધુ સેમ્પલ તપાસતા ૨,૩૪૫ દર્દીઓ પોઝિટિવ આવ્યા છે.

રાજ્યમાં મેલેરિયા વિરોધી ઔષધો, જંતુનાશક દવાઓ અને લાર્વિસાઈડ્સનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. મંત્રીશ્રીએ રાજ્યના તમામ નાગરિકોને પોતાના ઘર અને આસપાસના પરિસરમાં પાણી ભરાવા ન દેવા અને વાહકજન્ય રોગોથી બચવા વિશેષ સાવચેતી રાખવા હૃદયપૂર્વક અપીલ કરી છે.

## સુરતમાં ભાજપ અંદરખાને ભડક્યો: ધારાસભ્ય કુમાર કાનાણીએ પોલીસ તંત્ર અને ગૃહ વિભાગ સામે ખોલ્યો મોરચો

સુરત

ગુજરાત રાજકારણમાં અત્યારે સુરત શહેરનું રાજકારણ સૌથી મોટું ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. સુરતના વરાછા વિસ્તારના પાયાના અને બેધડક ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ પોતાના જ પક્ષની સરકાર અને પોલીસ વિભાગ સામે ખુલ્લો મોરચો ખોલી દીધો છે. રાજ્યમાં ગૃહ વિભાગ સંભાળતા અને સુરતથી જ આવતા ટોચના નેતૃત્વની કામગીરી સામે સવાલો ઉઠાવીને કુમાર કાનાણીએ રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. ધારાસભ્ય કુમાર કાનાણીએ સુરત પોલીસ કમિશનર અને પોલીસ તંત્રને એક પછી એક સખત સવાલો પૂછતો લેટર બોમ્બ ફોડ્યો છે. તેમણે આક્ષેપ કર્યો છે કે સુરત શહેરમાં ટ્રાફિક નિયમોના નામે માત્ર ગરીબ અને મધ્યમ વર્ગના ટુ-વ્હીલર (બાઈક-સ્કૂટર) ચાલકો પાસેથી જ દંડ વસૂલવામાં આવી રહ્યો છે. મોટા ભારે વાહનો (ટ્રક, ડમ્પર અને વાહનો) દ્વારા નિયમોના ધજાગરા ઉડાડવામાં આવતા હોવા છતાં પોલીસ મોટા વાહનો સામે આંખ આડા કાન કેમ કરે છે તે મોટો પ્રશ્ન છે. કાનાણીએ પોલીસ વિભાગની પોલ ખોલતા જણાવ્યું છે કે સુરત શહેરમાં સુરક્ષા માટે બેસાડેલા ૮૦૦ થી વધુ સીસીટીવી કેમેરા લાંબા સમયથી બંધ હાલતમાં છે, છતાં તંત્ર આ બાબતે કોઈ નક્કર પગલાં લેતું નથી. પ્રજાના ટેક્સના પૈસાથી બનેલી સિસ્ટમ જો શોભાના ગાંઠિયા સમાન બની રહેતી હોય તો સામાન્ય પ્રજાએ હેરાનગતિ જ ભોગવવી પડે છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે પોલીસ દ્વારા ટ્રાફિક સુધારવાના નામે ચાલતી નાણાકીય રાણીઓ તાત્કાલિક ધોરણે બંધ થવી જોઈએ.

## માતાના મઢમાં નવરાત્રિ મહોત્સવનું ભવ્ય આયોજન



ભચાઉ, રૂપેશ સોલંકી

દેશદેવી શ્રી આશાપુરા માતાજીના મુખ્ય પ્રાગટ્ય સ્થાન માતાના મઢ ખાતે પરંપરા મુજબ આ વર્ષે પણ આસો નવરાત્રિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સંવત ૨૦૮૨, આસો વદ અમાસ, શનિવાર તા. ૧૦-૧૦-૨૦૨૬ના રોજ રાત્રે ૯:૩૦ કલાકે ઘટસ્થાપન સાથે મહોત્સવનો પ્રારંભ થશે. તા. ૧૧-૧૦-૨૦૨૬થી નવરાત્રિનો પ્રારંભ થશે.

તા. ૧૮-૧૦-૨૦૨૬ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે હવન તથા રાત્રે ૧૨:૧૫ કલાકે પૂર્ણાહુતિ સાથે શ્રીફળ હોમો યોજાશે. તા. ૧૯-૧૦-૨૦૨૬ના સવારે ૭:૩૦ કલાકે રાજકુટુંબના સભ્યો તથા ભાવિકો દ્વારા જાતર-પતરી કરવામાં આવશે. તા. ૦૭-૧૦-૨૦૨૬થી તા. ૧૭-૧૦-૨૦૨૬ સુધી મંદિર સવારે ૫:૦૦ કલાકથી રાત્રે ૧૨:૦૦ કલાક સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેશે. ભાવિકોની સુવિધા માટે આરામ, ભોજનપ્રસાદ, ચા-કોફી, છાશ તેમજ મેડિકલ સારવારની વિનામૂલ્યે વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી માતાના મઢ જાગીર ટ્રસ્ટ દ્વારા તમામ ભાવિકોને માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### દેવગઢબારિયા સિવિલ હોસ્પિટલમાં ACBનો સપાટો

## 8 મેડિકલ વિદ્યાર્થીઓ પાસે 'સારી ડ્યુટી'ના નામે હપ્તો માંગ્યો, ક્લાસ-1 તબીબી અધિક્ષક ACBની જાળમાં

દાહોદ

ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં દર્દીઓની સેવા કરવાના સોગંદ લેનારા કેટલાક જવાબદાર અધિકારીઓ કઈ હદ સુધી ભ્રષ્ટાચારના કાદવમાં ડૂબેલા છે, તેનું એક અત્યંત શરમજનક અને ચોંકાવનારું કૌભાંડ દાહોદ જિલ્લામાંથી બહાર આવ્યું છે. દાહોદના દેવગઢબારિયા સ્થિત જે.એસ. ચૌહાણ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા વર્ગ-૧ (ક્લાસ-વન) તબીબી અધિક્ષક (સુપરિન્ટેન્ડેન્ટ) દ્વારા મેડિકલના વિદ્યાર્થીઓ પાસે જ હોસ્પિટલમાં સારી ડ્યુટી ફાળવવા અને નોકરી દરમિયાન હેરાન-પરેશાન ન કરવાના બદલામાં લાંચ માંગવામાં આવી હતી. એન્ટી કરપ્શન બ્યુરો (ACB) ની ટીમે હોસ્પિટલ કેમ્પસમાં જ સફળ છટકું ગોઠવીને આ લાંચિયા ક્લાસ-૧ ડોક્ટરને રંગે હાથ દબોચી લેતા સમગ્ર આરોગ્ય



વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, દેવગઢબારિયાની જે.એસ. ચૌહાણ સરકારી હોસ્પિટલમાં 'ડીસ્ટ્રીક્ટ રેસીડેન્સી પ્રોગ્રામ' હેઠળ તાલીમ મેળવવા માટે વિવિધ મેડિકલ કોલેજોમાંથી ૮ જેટલા રેસિડેન્ટ મેડિકલ વિદ્યાર્થીઓની નિમણૂક કરવામાં આવી હતી. આ યુવા વિદ્યાર્થીઓ પોતાની મેડિકલ કારકિર્દીના ભાગરૂપે હોસ્પિટલમાં સેવા આપવા આવ્યા હતા, પરંતુ હોસ્પિટલના સર્વેસર્વા ગણાતા તબીબી અધિક્ષક (વર્ગ-૧) ડો. રહીમભાઈ ઈબ્રાહિમભાઈ મેમણની નજર આ વિદ્યાર્થીઓ પર બગડી હતી.

આરોગ્ય અધિકારી ડો. રહીમભાઈ મેમણે આ તમામ ૮ મેડિકલ વિદ્યાર્થીઓ સમક્ષ અણછાજતી માંગણી મૂકી હતી. તેમને હોસ્પિટલમાં મનપસંદ અને સારી ડ્યુટી ફાળવવા તથા ડ્યુટી દરમિયાન કોઈ પણ પ્રકારની હેરાનગતિ કે મુશ્કેલી ઊભી ન કરવાના બદલામાં એક વિદ્યાર્થી દીઠ ૫,૦૦૦ રૂપિયા લેખે કુલ ૪૦,૦૦૦ રૂપિયાની લાંચની માગણી કરવામાં આવી હતી. ભણતર પૂરું કરીને ડોક્ટર બનવાની સફરે નીકળેલા આ યુવા વિદ્યાર્થીઓ પાસેથી ખુલ્લેઆમ હપ્તો વસૂલવાની આ નીચ હરકતે સમગ્ર તબીબી આખાને શરમમાં મૂકી દીધું છે.

## દિવ્યાંગતાને પડકારતી નાથ નવ્યાની અદમ્ય હિંમત : શિક્ષણની પાંખો મળે તો સપનાઓને મળશે ઊંચી ઉડાન

ભચાઉ, રૂપેશ સોલંકી

ભચાઉની સીતારામપૂર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી નાથ નવ્યા શારીરિક પડકારો વચ્ચે પણ શિક્ષણ પ્રત્યેની અડગ લગન અને અવિચળ આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહી છે. સેરેબ્રલ પાલ્સી (C.P.) જેવી શારીરિક મુશ્કેલી હોવા છતાં નવ્યાની શીખવાની તીવ્ર ઈચ્છા તેની સૌથી મોટી શક્તિ બની છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન અભ્યાસ કરતી નાથ નવ્યાના હાથની કાર્યક્ષમતા મર્યાદિત હોવા છતાં તે પગની મદદથી લખવા સહિતની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. શારીરિક મર્યાદાઓ વચ્ચે પણ અભ્યાસ પ્રત્યેનો તેનો ઉત્સાહ અને કંઈક કરી બતાવવાની જિજ્ઞાસા સૌ માટે પ્રેરણારૂપ છે. મળતી વિગતો મુજબ નવ્યાની દિવ્યાંગતાની ટકાવારી ૬૫ ટકા છે. તેમ છતાં તેની પ્રતિભા અને આત્મવિશ્વાસ તેની શારીરિક મર્યાદાઓ કરતાં અનેકગણો વિશાળ છે. પરિવારનો સહકાર અને શાળાના શિક્ષકોનું માર્ગદર્શન નવ્યાના શૈક્ષણિક વિકાસ માટે મહત્વપૂર્ણ બની રહ્યા છે. નાથ નવ્યાના સર્વાંગી વિકાસ માટે રિસોર્સ રૂમ, જરૂરી શૈક્ષણિક સાધનો,



સહાયક ઉપકરણો તથા દિવ્યાંગ બાળકોને અનુકૂળ શૈક્ષણિક વાતાવરણ ઉપલબ્ધ કરાવવાની જરૂરિયાત છે. દિવ્યાંગ બાળકને દયા નહીં, પરંતુ સમાન તક, યોગ્ય સાધનો અને આત્મનિર્ભર બનવા માટેનું સક્ષમ વાતાવરણ આપવું એ સમાજની સામૂહિક જવાબદારી છે. નવ્યા જેવી દીકરીઓ સાબિત કરે છે કે મર્યાદાઓ શરીરમાં હોઈ શકે, સપનાઓમાં નહીં. યોગ્ય તક અને પ્રોત્સાહન મળે તો આવી પ્રતિભાઓ પણ સફળતાના શિખરો સર કરી શકે છે.

### બનાસકાંઠામાં ખાખીની મોટી ડાયલી

## શિહોરીમાં સ્કોર્પીયો ગાડીમાંથી લાખોના વિદેશી દારૂ સાથે કુખ્યાત બુટલેગર ઝડપાયો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં બુટલેગરો સામે જિલ્લા પોલીસ વડા દ્વારા જીરો ટોલરન્સ નીતિ અપનાવવામાં આવી છે, ત્યારે એલસીબી બનાસકાંઠા-પાલનપુરની ટીમે રાજસ્થાન તરફથી ગુજરાતમાં ઘુસાડવામાં આવતા વિદેશી દારૂના મોટા જથ્થા પર તૂટી પડીને એક જોરદાર ઓપરેશન પાર પાડ્યું છે. શિહોરી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પોલીસે સ્કોર્પીયો ગાડીમાં ભરીને લઈ જવાતો રૂપિયા ૭,૩૩,૫૨૪/- ની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ રેડમાં પોલીસે ગાડી અને મોબાઈલ સહિત કુલ રૂપિયા ૧૧,૬૩,૫૨૪/- નો મસમોટો મુદ્દામાલ કબ્જે કરીને દારૂની હેરાફેરી કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે. બનાસકાંઠા રેન્જ પોલીસ મહાનિરીક્ષક શ્રી પરીક્ષિતા રાઠોડ (IPS) તથા બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત સુંબે (IPS) નાઓની કડક સૂચનાઓ અનુસાર, સરહદી રાજ્ય રાજસ્થાનમાંથી થતી દારૂની ગેરકાયદેસર હેરાફેરીને નેસ્તનાબૂદ કરવા માટે જિલ્લાભરમાં સઘન નાકાબંધી અને ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે એલ.સી.બી. પાલનપુરના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.એમ.રાઠોડ તેમજ પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી આર.બી.જાડેજા અને શ્રી જે.એસ.ગઢવીની અલગ-અલગ ટીમો બનાવીને પંથકમાં વોચ ગોઠવવામાં આવી



હતી. આજરોજ એલ.સી.બી. ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે શિહોરી બ્રીજ પાસે હાઈવે રોડ ઉપર પોલીસ કાફલો સજ્જ થઈને નાકાબંધીમાં બેઠો હતો. આ દરમિયાન બાતમીવાળી શંકાસ્પદ સ્કોર્પીયો ગાડી (નંબર GJ-19-AA-5706) પુરઝડપે આવતા પોલીસે તેને ઊભી રાખવાનો ઈશારો કર્યો હતો. પરંતુ ચાલકે ગાડી રોકવાને બદલે તેને ભગાડી મૂકી હતી. પોલીસે ત્વરિત ફિલ્મીઢબે તેનો પીછો કર્યો હતો. શિહોરીથી માનપુર તરફ જવાના રસ્તા પર એસ.એમ. એન્ટરપ્રાઈઝ સામે હાઈવે રોડ પર પોલીસના ખાનગી વાહને સ્કોર્પીયો ગાડીને ટક્કર મારતા ગાડી રોડ નીચે ઉતરીને સીધી ઝાડ સાથે અથડાઈને રોકાઈ ગઈ હતી.

## ચોટીલામાં વાડીના મકાનમાંથી રૂ. 1.46 લાખનો ગાંજો ઝડપાયો, એક આરોપી પકડાયો

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં A.N.T.F. રાજકોટ ઝોનની ટીમે ચોક્કસ બાતમીના આધારે કાળાસર ગામની સીમમાં ગેરકાયદેસર ગાંજાના જથ્થા પર દરોડો પાડ્યો હતો. ગંધારિયુ સીમમાં રહેતો ભરત સાદુળભાઈ બાવળીયા (ઉં.વ. 48)ની કબજા-ભોગવટાની વાડીમાં આવેલા મકાનમાંથી ગાંજાનો જથ્થો મળી આવતાં તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી 2 કિલો 920 ગ્રામ ગાંજો, જેની કિંમત રૂ. 1,46,000 થાય છે, તે જપ્ત કર્યો હતો. આ મામલે આરોપી ભરત સાદુળભાઈ બાવળીયા, રહે. કાળાસર ગામની સીમ, ગંધારિયુ સીમ, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર વિરુદ્ધ NDPS એક્ટની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ સમગ્ર કામગીરી A.N.T.F. રાજકોટ ઝોન, સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા મળેલી ચોક્કસ બાતમીના આધારે હાથ ધરવામાં આવી હતી. આ મામલે વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે ચોટીલા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધવામાં આવ્યો છે.

### ગુજરાત રેન્ટ બિલનો વિરોધ

## નડિયાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટ બહાર વકીલોએ કાયદાની હોળી કરીને ઉગ્ર રોષ ઠાલવ્યો

નડિયાદ

ગુજરાતમાં ભાડા અને મિલકત વિવાદોને લઈને સરકાર દ્વારા લાવવામાં આવેલા નવા ગુજરાત રેન્ટ બિલ સામે વકીલ આખીમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ કાયદાના વિરોધમાં નડિયાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટની બહાર વકીલોએ એકત્ર થઈને ગુજરાત રેન્ટ બિલની હોળી કરી હતી અને સરકાર સામે ઉગ્ર સૂત્રોચ્ચાર કરીને કડક વિરોધ નોંધાવ્યો હતો. વકીલોના આ ઉગ્ર વિરોધ પ્રદર્શનથી કોર્ટ પરિસરમાં ભારે હલચલ મચી ગઈ હતી.



નડિયાદ બાર એસોસિએશનના અગ્રણીઓ અને વકીલોએ જણાવ્યું હતું કે, ભાડા સંબંધિત વિવાદો અને મિલકતના પ્રશ્નોને ન્યાયિક અદાલતોને બદલે વહીવટી તંત્ર સમક્ષ લઈ જવાની જોગવાઈ કરવામાં આવી છે. આ વ્યવસ્થાના કારણે સામાન્ય પક્ષકારો અને અસીલોને યોગ્ય કાનૂની પ્રક્રિયા તેમજ સમયસર ન્યાય મેળવવામાં ભારે મુશ્કેલીઓ અને અડચણો ઊભી થઈ શકે તેવી પ્રબળ આશંકા છે. અદાલતી પ્રક્રિયા જતી કરવાથી સામાન્ય નાગરિકોના કાયદાકીય અધિકારો જોખમાઈ શકે છે. નડિયાદ બાર એસોસિએશને ખાસ કરીને જૂના ભાડૂતોના હિતોનું રક્ષણ કરવા અને વકીલોની રોજગારી અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. વકીલોનું માનવું છે કે આ પ્રકારના કાયદાઓથી વર્ષોથી ભાડે રહેતા મધ્યમવર્ગીય અને ગરીબ ભાડૂતો બેઘર થવાનો ભય ઊભો થશે, તેમજ ન્યાયિક ક્ષેત્ર સાથે સંકળાયેલા વકીલોની પ્રેક્ટિસ અને રોજગારી પર પણ માઠી અસર પડશે.

નડિયાદ કોર્ટ બહાર વકીલો દ્વારા કરવામાં આવેલા આ વિરોધ પ્રદર્શન દરમિયાન વહીવટી તંત્ર અને સરકાર વિરુદ્ધ જોરદાર નારેબાજી કરવામાં આવી હતી. વકીલોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો સરકાર દ્વારા આ લોકવિરોધી અને મિલકતધારક-ભાડૂતો વિરોધી રેન્ટ બિલ પાછું ખેંચવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

### ગાંધીનગરમાં રાજકીય ભૂકંપ

## AAP ઉમેદવારના અપહરણ અને ધાકધમકીથી ભાજપમાં જોડાવવાના મામલે ગોપાલ ઇટાલિયાનો મોટો અને ઘાતક ધડાકો!

ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં ચૂંટણીના માહોલ વચ્ચે ગાંધીનગરથી એક અત્યંત ચોંકાવનારો અને ખળભળાટ મચાવતો મામલો સામે આવ્યો છે. આમ આદમી પાર્ટી (AAP) ના આગેવાન અને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ શાસક પક્ષ ભાજપ પર સીધા અને અત્યંત ગંભીર પ્રહારો કરતા મોટો ધડાકો કર્યો છે। ગાંધીનગર ખાતે આમ આદમી પાર્ટીના ઉમેદવારને બંદૂકની અણીએ અપહરણ કરીને, જાનથી મારી નાખવાની ધમકી આપીને બળજબરીપૂર્વક ફોર્મ પરત ખેંચવા અને ભાજપમાં જોડાવવા મજબૂર કરવામાં આવ્યા હોવાનો સનસનીખેજ આરોપ મૂકવામાં આવતા રાજકીય આલમમાં ભારે થરથરાટ મચી ગયો છે।

આમ આદમી પાર્ટી દ્વારા સત્તાવાર રીતે સામે લાવવામાં આવેલી વિગતો મુજબ, ગાંધીનગરની ચૂંટણીના રસ્તે વિરોધીઓની જમીન સરકી જતી જોઈને સત્તાધીશો હવે સામ, દામ, દંડ અને ભેદની નીતિ પર ઉતરી આવ્યા છે. AAP નેતા ગોપાલ ઈટાલિયાએ આક્રમક અંદાજમાં જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના ગાંધીનગરના ઉમેદવાર રાહુલભાઈનું ગનપોઈન્ટ (બંદૂકની અણી) પર ખુલ્લેઆમ અપહરણ કરવામાં આવ્યું હતું। તેમને મોતની ધમકીઓ આપીને લોકશાહીના ધજાગરા ઉડાડવામાં આવ્યા અને ચૂંટણીમાંથી પાછા હટી જવા તથા ભાજપમાં ભળવા માટે માનસિક તથા શારીરિક દબાણ લાવવામાં આવ્યું હતું।

લોકશાહી દેશમાં ચૂંટણી લડવાના અધિકાર પર સીધા પ્રહાર સમાન આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે સત્તા ટકાવવા માટે શાસક પક્ષ ક્યા સુધી નીચે પડી શકે છે. ગોપાલ ઈટાલિયાએ આડેહાથ લેતા કહ્યું કે, જે પક્ષ ખુલ્લેઆમ ગુંડાગર્દી અને ડરાવી-ધમકાવીને ઉમેદવારોને તોડવાના ખેલ કરતો હોય, તે પાર્ટી પ્રજાના હિતની ક્યારેય વાત ન કરી શકે.

## લવલી સ્ટોરને નિશાન બનાવી 25 હજારથી વધુ રોકડની ચોરી, સમગ્ર ઘટના CCTVમાં કેદ

ડભોઈ

ડભોઈ નગરમાં રાત્રિના સુમારે કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ડભોઈ રેલવે સ્ટેશન તરફ જતા મુખ્ય માર્ગ પર આવેલી જાણીતી પ્રોવિઝન સ્ટોરને તસ્કરોએ પોતાનું નિશાન બનાવીને દુકાનના ગલ્લામાંથી અંદાજે પચીસ હજાર રૂપિયાથી વધુની રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા છે. આ સાહસિક ચોરીના પગલે સમગ્ર વેપારી આલમમાં ભારે ફફડાટ અને રોષની લાગણી ફેલાઈ ગઈ છે.

મળતી વિગતો અનુસાર, ડભોઈ રેલવે સ્ટેશન માર્ગ પર આવેલી મેજેસ્ટિક ટોકીઝની બાજુમાં પીરમહમદ જમાલભાઈ પાનવાલાની લવલી સ્ટોર નામની પ્રોવિઝન સ્ટોર આવેલી છે.



આ દુકાન વર્ષોથી બંધ પડેલી એક જૂની બોર્ડિંગ લોજના નીચેના ભાગમાં આવેલી હોવાને કારણે તેનો પાછળનો હિસ્સો અત્યંત જર્જરિત હાલતમાં છે. હાલમાં દુકાનમાં મરામતનું કામ ચાલી રહ્યું હતું અને કાટમાળ બહાર કાઢવા માટે આગળ લગાવવામાં આવેલી લોખંડની સુરક્ષા જાળીનું તાળું વેપારી દ્વારા ખોલવામાં આવ્યું હતું, જે ખુલ્લું જ રહી ગયું હતું.

આ ખુલ્લી જાળી અને જર્જરિત ભાગનો ગેરલાભ ઉઠાવીને મોડી રાત્રે મોઢે બુકાની બાંધીને આવેલા એક ચાલાક અજાણ્યા તસ્કરે દુકાનમાં ધૂમહાયો હતો. તસ્કરે હાથમાં ટોર્ચ રાખીને આખી દુકાનમાં સામાન વેરવિખેર કરી નાખ્યો હતો અને ગલ્લામાં રાખેલી પચીસ હજારથી વધુની રોકડ રકમ સેરવી લીધી હતી. આ તમામ કરતૂત દુકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ ગઈ છે. સવારના સુમારે જ્યારે વેપારી દુકાન ખોલવા માટે પહોંચ્યા ત્યારે અંદરનો સામાન અસ્તવ્યસ્ત જોઈને ચોંકી ગયા હતા. ગલ્લો તપાસતા રોકડ રકમ ગાયબ હોવાનું જણાઈ આવતા ચોરી થયાનો ભયંકર અહેસાસ થયો હતો. વેપારી દ્વારા તુરંત જ ડભોઈ પોલીસ મથકે આ અંગે જાણ કરવામાં આવી હતી.

## તંત્રી લેખ...

# વિકાસની ઝાકળઝાળ સામે જમીની વાસ્તવિકતા: 27 વર્ષના શાસન પછી ગુજરાતની જનતા હવે સવાલ પૂછશે!

ગુજરાતને દેશના સૌથી વિકસિત રાજ્યોમાં ગણાવવાના દાવા છેલ્લા અનેક વર્ષોથી સતત કરવામાં આવી રહ્યા છે. 'ગુજરાત મોડલ', 'વાયબ્રન્ટ ગુજરાત', ઔદ્યોગિક વિકાસ, રોકાણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા મુદ્દાઓને સરકારની સફળતાના ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવે છે. ગુજરાતમાં ભાજપની સરકારને સત્તામાં લાંબો સમય મળ્યો છે અને આટલા લાંબા શાસન બાદ હવે સ્વાભાવિક રીતે સરકારના દાવાઓની સાથે જમીની વાસ્તવિકતાનું પણ મૂલ્યાંકન થવું જોઈએ. સવાલ સરકારના દરેક વિકાસકાર્યને નકારવાનો નથી. ગુજરાતમાં અનેક ક્ષેત્રોમાં વિકાસ થયો છે, મોટા પ્રોજેક્ટો આવ્યા છે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પણ નોંધપાત્ર કામ થયું છે. પરંતુ વિકાસની સાચી કસોટી મોટા પ્રોજેક્ટો કે ભવ્ય કાર્યક્રમોથી નહીં, સામાન્ય નાગરિકના રોજિંદા જીવનમાં કેટલો બદલાવ આવ્યો છે તેનાથી થવી જોઈએ.

જો વિકાસ સામાન્ય માણસ સુધી પહોંચ્યો છે, તો આજે પણ રસ્તા, પાણી, ગટર, ટ્રાફિક, આરોગ્ય, શિક્ષણ, રોજગાર અને સરકારી કચેરીઓમાં કામકાજ જેવી મૂળભૂત સમસ્યાઓ અંગે ફરિયાદો કેમ સાંભળવા મળે છે? આ સવાલો પર ગંભીર ચર્ચા જરૂરી છે.

દારૂબંધી: કાયદો કડક, પરંતુ અમલ કેટલો અસરકારક?

ગુજરાતમાં દારૂબંધી લાંબા સમયથી રાજ્યની વિશેષ ઓળખ તરીકે રજૂ કરવામાં આવે છે. મહાત્મા ગાંધીની ભૂમિ પર દારૂબંધીનો કાયદો હોવો ગૌરવની બાબત છે. પરંતુ જમીની સ્તરે ગેરકાયદેસર દારૂના વેચાણ અને નશાની પ્રવૃત્તિઓ અંગે સમયાંતરે સામે આવતા આક્ષેપો ચિંતાજનક છે.



શહેર હોય કે ગ્રામ્ય વિસ્તાર, જો ગેરકાયદેસર દારૂ સરળતાથી ઉપલબ્ધ હોવાના આક્ષેપો સામે આવતા રહે, તો માત્ર બુટલેગર સામે કાર્યવાહી પૂરતી નથી. સમગ્ર સપ્લાય ચેઈન અને તેને અટકાવતી વહીવટી વ્યવસ્થાની અસરકારકતા પર પણ સવાલ થવો જોઈએ. કાયદો કાગળ પર કડક હોવા કરતાં જમીન પર તેનો અમલ કડક હોવો વધુ જરૂરી છે. યુવાનોને નશાથી દૂર રાખવા માટે માત્ર પોલીસ કાર્યવાહી નહીં, પરંતુ શિક્ષણ, જાગૃતિ અને અસરકારક સામાજિક વ્યવસ્થાની પણ જરૂર છે. રસ્તાઓ પર ખાડા અને વિકાસના દાવા ગુજરાતના અનેક શહેરો અને ગામોમાં રસ્તાની ગુણવત્તા અંગે નાગરિકોની ફરિયાદો સામે આવતી રહે છે. ચોમાસા બાદ ખાડા, પાણી ભરાવું અને તૂટેલા રસ્તાઓ સામાન્ય નાગરિક માટે મુશ્કેલીનું કારણ બને છે. અહીં સૌથી મોટો પ્રશ્ન છે– રસ્તો બન્યા બાદ થોડા સમયમાં તૂટી જાય તો જવાબદારી કોની? જો જાહેર નાણાંમાંથી કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે, તો કામની ગુણવત્તાની તપાસ પણ એટલી જ કડક હોવી જોઈએ. ખરાબ કામ થાય તો કોન્ટ્રાક્ટરથી લઈને સંબંધિત અધિકારીઓ સુધી જવાબદારી નક્કી થવી જોઈએ. કારણ કે રસ્તો માત્ર વિકાસનું પ્રતીક નથી; તે સીધી રીતે લોકોની સલામતી અને જીવન સાથે જોડાયેલો મુદ્દો છે. સરકારી કચેરીમાં સામાન્ય માણસની અગ્નિપરીક્ષા આજના ડિજિટલ યુગમાં સરકાર 'ઈ-ગવર્નન્સ' અને ઓનલાઈન સેવાઓની વાત કરે છે. પરંતુ હજુ પણ અનેક નાગરિકોને નાના-મોટા સરકારી કામ માટે કચેરીઓના ચક્કર લગાવવાની ફરિયાદ રહે છે. સામાન્ય માણસ માટે સરકારની સાચી છબી મોટા મંત્રાલયમાં નહીં, પરંતુ તાલુકા કચેરી, નગરપાલિકા, ગ્રામ પંચાયત, સરકારી હોસ્પિટલ અને અન્ય સ્થાનિક કચેરીમાં બને છે. જો નાગરિકનું કામ સમયસર અને પારદર્શક રીતે થાય તો તેને સુશાસનનો અનુભવ થાય. જો ફાઈલ માટે વારંવાર ધક્કા ખાવા પડે, તો વિકાસના મોટા દાવા તેની નજરમાં ફિક્કા પડી જાય છે. યુવાનોનું ભવિષ્ય સૌથી મોટો પ્રશ્ન ગુજરાતના લાખો યુવાનો શિક્ષણ બાદ સરકારી અને ખાનગી નોકરીની આશા રાખે છે. ભરતી પરીક્ષાઓમાં પારદર્શિતા અને સમયસર પ્રક્રિયા તેમની સૌથી મોટી અપેક્ષા છે. પેપર લીક કે ભરતીમાં અનિયમિતતાના કોઈપણ આક્ષેપો માત્ર એક પરીક્ષાને અસર કરતા નથી. તે હજારો-લાખો ઉમેદવારોની મહેનત, સમય અને વિશ્વાસને અસર કરે છે. યુવાનને ભાષણ નહીં, તક જોઈએ છે. યુવાનને આશ્વાસન નહીં, પારદર્શક ભરતી જોઈએ છે. યુવાનને જાહેરાત નહીં, રોજગાર જોઈએ છે. આ મુદ્દે સરકારની જવાબદારી સૌથી વધારે છે. ખેડૂતોના પ્રશ્નો પણ વિકાસનો જ ભાગ છે ગુજરાતની પ્રગતિની ચર્ચા ખેડૂતો વગર અધૂરી છે. ખેડૂતને પાણી, વીજળી, ખાતર, બિયારણ, પાકના ભાવ અને બજાર વ્યવસ્થાની ચિંતા સતત રહે છે. ખેડૂતની આવક અને ખેતીની સ્થિરતા મજબૂત કર્યા વગર ગ્રામ્ય ગુજરાતનો સર્વાંગી વિકાસ શક્ય નથી. સરકાર દ્વારા યોજનાઓ જાહેર થવી સારી બાબત છે, પરંતુ તેની અસર અંતિમ ખેડૂત સુધી પહોંચે છે કે નહીં તેની નિયમિત તપાસ પણ એટલી જ જરૂરી છે. ભ્રષ્ટાચાર સામે શૂન્ય સહનશીલતા જરૂરી કોઈપણ સરકાર માટે સૌથી મોટો પડકાર પારદર્શિતા અને જવાબદારીનો છે. સરકારી કામમાં ગેરરીતિ, બેદરકારી અથવા ભ્રષ્ટાચાર અંગે ફરિયાદ થાય ત્યારે તપાસ ઝડપથી થવી જોઈએ અને દોષિત સાબિત થાય તો કડક કાર્યવાહી થવી જોઈએ. જનતાના પૈસાથી ચાલતી દરેક યોજના માટે જનતાને હિસાબ માંગવાનો અધિકાર છે. કેટલા રૂપિયા મંજૂર થયા? કેટલું કામ થયું? કામની ગુણવત્તા કેવી હતી? અને ખામી મળી તો જવાબદાર સામે શું કાર્યવાહી થઈ? આ પ્રશ્નોના જવાબ જાહેર વ્યવસ્થાનો મહત્વનો ભાગ બનવા જોઈએ. વિકાસની સાચી કસોટી હોર્ડિંગ્સ નહીં, જનતાનું જીવન છે વિકાસના મોટા પ્રોજેક્ટો જરૂરી છે. ઔદ્યોગિક રોકાણ જરૂરી છે. રસ્તા, મેટ્રો, એક્સપ્રેસ-વે અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ જરૂરી છે. પરંતુ તેની સાથે એ પણ જરૂરી છે કે સામાન્ય માણસનું જીવન સરળ બને. વિકાસ ત્યારે કહેવાય જ્યારે ગામનો રસ્તો સારો હોય, શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા સુધરે, યુવાનને રોજગાર મળે, ખેડૂતને યોગ્ય વળતર મળે, મહિલા સુરક્ષિત અનુભવે, સરકારી હોસ્પિટલમાં સારવાર સરળતાથી મળે અને સરકારી કચેરીમાં સામાન્ય માણસને સન્માનથી કામ મળે. મોટા દાવા અને જમીની હકીકત વચ્ચેનું અંતર ઓછું કરવું જ સાચા સુશાસનની ઓળખ છે. હવે જનતા સવાલ પૂછશે! ૨૭ વર્ષનો લાંબો શાસનકાળ કોઈપણ સરકારને પોતાની કામગીરી સાબિત કરવા માટે પૂરતો સમય આપે છે. હવે જનતા પણ વિકાસના દાવાઓને પોતાના અનુભવની કસોટી પર ચકાસશે. સરકાર કોઈપણ પક્ષની હોય, જનતા માલિક છે અને સરકાર જવાબદાર છે. એટલે હવે માત્ર ભાષણો નહીં, પરિણામોની વાત થવી જોઈએ. માત્ર જાહેરાતો નહીં, કામની ગુણવત્તાની ચર્ચા થવી જોઈએ. માત્ર આંકડા નહીં, સામાન્ય માણસના જીવનમાં આવેલી રાહતનું મૂલ્યાંકન થવું જોઈએ. ગુજરાતને વિકાસ જોઈએ છે–પરંતુ એવો વિકાસ જે હોર્ડિંગ્સ પર નહીં, રસ્તા પર દેખાય; ભાષણોમાં નહીં, જનતાના જીવનમાં અનુભવાય. હવે સમય આવી ગયો છે કે ગુજરાતની જનતા જાગૃત બને, સવાલ પૂછે અને પોતાના હક, ભવિષ્ય અને વિકાસ અંગે જવાબદારીપૂર્વક વિચાર કરે. કારણ કે લોકશાહીમાં સવાલ પૂછવો વિરોધ નથી–સવાલ પૂછવો જનતાનો અધિકાર છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# બિગ બોસ ફેમ યુ-ટ્યૂબર અનુરાગ ડોભાલની ધરપકડ: રિશ્તેદાર પર જીવલેણ હુમલો અને કારથી કચડવાનો ગંભીર આક્ષેપ

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર | ક્રાઇમ સ્પેશિયલ

બિગ બોસ ફેમ અને સોશિયલ મીડિયા પર 'UK07 Rider' તરીકે લોકપ્રિય બનેલા ચર્ચિત યુ-ટ્યૂબર અનુરાગ ડોભાલ ફરી એકવાર ગંભીર વિવાદમાં ફસાયા છે. ઉત્તરાખંડના દેહરાદૂન સ્થિત નેહરુ કોલોની પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક રિશ્તેદારે નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે અનુરાગ ડોભાલ અને તેમના ત્રણ સાથીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસે આ મામલે મારપીટ, રસ્તો રોકવા અને જાનથી મારી નાખવાની ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધીને સઘન તપાસ શરૂ કરી છે.

આ સમગ્ર ઘટના ગત ૫ ઓક્ટોબરની સાંજે બની હોવાનું સામે આવ્યું છે. શિકાયતકર્તા રાજ સિંહ ચૌહાણના જણાવ્યા મુજબ, તેઓ હરિદ્વાર બાયપાસ સ્થિત એક કેફે પાસે અનુરાગ અને તેના સાથીઓને મળવા ગયા હતા. આ મુલાકાત દરમિયાન વાતચીતમાં બોલાચાલી વધતા મામલો ઉગ્ર બન્યો હતો અને ત્યારબાદ તેમની સાથે મારપીટ શરૂ કરવામાં આવી હતી.

### ગળું દબાવવાથી લઈને કાર નીચે કચડવાનો ગંભીર આક્ષેપ

શિકાયતકર્તા દ્વારા પોલીસ સમક્ષ અત્યંત ચોંકાવનારા અને ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. રાજ સિંહ ચૌહાણનો દાવો છે કે અનુરાગ ડોભાલ દ્વારા તેમનું ગળું દબાવીને જાનથી મારી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આટલું જ નહીં, તેમની સાથે રહેલા અન્ય લોકોએ લોખંડની રોડ અને લાકડીઓ વડે હુમલો કર્યો હતો.

ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરાયો છે કે શિકાયતકર્તાને કારની નીચે નાખીને કચડી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સાથે જ ચાકુ અને બંદૂક બતાવીને ભયભીત કરવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો દાવો પણ કરાયો છે. જોકે, આ તમામ આક્ષેપો હાલ ફરિયાદી પક્ષ દ્વારા કરવામાં આવ્યા છે અને પોલીસ તપાસ બાદ જ વાસ્તવિક હકીકત બહાર આવશે.

### મોબાઈલ, સોનાની ચેન અને ઘડિયાળ લૂંટી લીધાનો દાવો

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, હુમલા દરમિયાન મોબાઈલ ફોન છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ફરિયાદીની સોનાની ચેન અને ઘડિયાળ પણ બળજબરીથી લઈ લીધાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

માત્ર શારીરિક હુમલો જ નહીં, પરંતુ અનુરાગ ડોભાલ અને તેમના સાથીઓ દ્વારા ફરિયાદી તથા તેમના પરિવારને સતત સોશિયલ મીડિયા અને ફોન દ્વારા જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવતી હોવાનો દાવો પણ આ એફઆઈઆર (FIR) માં કરાયો છે.

### કૌટુંબિક વિવાદ સાથે જોડાયેલો છે મામલો?

પ્રાપ્ત માહિતી અને મીડિયા રિપોર્ટ્સ મુજબ, આખો વિવાદ પારિવારિક અદાવત સાથે જોડાયેલો હોવાનું મનાઈ રહ્યું છે. શિકાયતકર્તા રાજ સિંહ ચૌહાણ અનુરાગ ડોભાલની પત્નીના ચચેરા ભાઈ હોવાનું કહેવાય છે અને બંને પરિવારો વચ્ચે અગાઉથી જ કોઈને કોઈ બાબતે વિવાદ ચાલતો હતો. આ જ જૂની રારને કારણે મુલાકાત દરમિયાન વાતચીત ઉગ્ર બની અને મામલો હિંસક સ્વરૂપ ધારણ કરી ગયો.

### પોલીસે અનુરાગ સહિત ચાર આરોપીઓને દબોચ્યા

ફરિયાદ મળતાની સાથે જ નેહરુ કોલોની પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને એફઆઈઆર નોંધી હતી અને અનુરાગ ડોભાલ તથા તેના ત્રણ સહયોગીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસ હાલ આ સમગ્ર પ્રકરણની ઝીણવટભરી તપાસ કરી રહી છે તેમજ લગાવવામાં આવેલા આરોપો અને ઉપલબ્ધ પુરાવાઓની ચકાસણી ચલાવી રહી છે.

સોશિયલ મીડિયા પર લાખો ચાહકો ધરાવતા અને બિગ બોસની સફર ખેડી ચૂકેલા અનુરાગ ડોભાલની આ પ્રકારે થયેલી ધરપકડથી સોશિયલ મીડિયા જગતમાં ભારે હલચલ મચી ગઈ છે.

### હવે પોલીસ તપાસ પર મીટ

આ સમગ્ર કેસમાં સૌથી મોટો સવાલ પોલીસ તપાસ અને તેના નિષ્કર્ષ પર છે. શું ખરેખર ફરિયાદમાં જણાવ્યા મુજબ જીવલેણ હુમલો થયો હતો? શું ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ, કોલ રેકોર્ડિંગ કે અન્ય ટેક્નિકલ પુરાવાઓ આ આક્ષેપોને સમર્થન આપે છે? અને આ કથિત હુમલા પાછળનો અસલી રોષ કે વિવાદ શું હતો?

આ તમામ રહસ્યો પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ ઉકેલાશે. હાલ તો સોશિયલ મીડિયાની ચકાચૌંધ અને લોકપ્રિયતા વચ્ચે અનુરાગ ડોભાલ એક મોટી કાનૂની મુસીબતમાં ફસાઈ ગયા છે, અને આગામી સમયમાં કાયદાકીય પ્રક્રિયા જ નક્કી કરશે કે આ કેસની દિશા કઈ તરફ જાય છે.

# ગુજરાતનાં વૈષ્ણોદેવી ભક્તો માટે ગુડ ન્યૂઝ! સાબરમતી-જમ્મુ તવી ટ્રેન હવે સીધી કટરા જશે, 50 કિમીનો ધક્કો બચશે

નવી દિલ્હી

સાબરમતીથી ઉપડતી ટ્રેન નંબર 19223 (સાબરમતી-જમ્મુ તવી એક્સપ્રેસ)ના રૂટમાં મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. આગામી 18 ઓક્ટોબર 2026થી આ ટ્રેન હવે જમ્મુ તવી સુધી જ મર્યાદિત રહેવાને બદલે સીધી માતા વૈષ્ણોદેવી કટરા (SVDK) સ્ટેશન સુધી જશે. તેવી જ રીતે, વાપસીમાં



ટ્રેન નંબર 19224 કટરાથી સાબરમતી બીજી એક્સપ્રેસ 20 ઓક્ટોબર 2026થી કટરાથી જ રવાના થશે.

યાત્રીઓની મુશ્કેલીઓ થશે દૂર

અગાઉ આ ટ્રેન મુસાફરોને સાંજે 18:40 વાગ્યે જમ્મુ તવી સ્ટેશન પર ઉતારતી હતી. ત્યાંથી કટરા સ્થિત બાણગંગા બેઝ કેમ્પ સુધી જવા માટે શ્રદ્ધાળુઓએ 50 કિલોમીટરનું અંતર કાપવા માટે અલગથી બસ કે ટેક્સી પકડવી પડતી હતી. મોડેથી પહોંચતી વખતે વિશેષ કરીને વડીલો અને બાળકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો અને પ્રતિ સવારી 300થી 500 રૂપિયા સુધીનો વધારાનો ખર્ચ પણ થતો હતો. હવે ટ્રેન સીધી કટરા પહોંચવાથી મુસાફરોના 2થી 3 કલાક અને નાણાં બંનેની બચત થશે.

કયા રાજ્યો અને સ્ટેશનો પર રહેશે સ્ટોપેજ?

આ ટ્રેન ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને જમ્મુ-કાશ્મીર રાજ્યના વિવિધ પ્રમુખ સ્ટેશનો પરથી પસાર થશે. જમ્મુ અને કાશ્મીર ક્ષેત્રમાં આ ટ્રેન સાંભા, બારી બ્રાહ્મણ અને શહીદ કેપ્ટન તુષાર મહાજન (ઉધમપુર) સ્ટેશનો પર પણ રોકાશે.

કટરા સ્ટેશન પર મળશે આધુનિક સુવિધાઓ

કટરા રેલવે સ્ટેશન સીધું વૈષ્ણોદેવીની ચઢાઈના મુખ્ય બેઝ કેમ્પ એટલે કે બાણગંગાની નજીક આવેલું છે. સ્ટેશન પરિસરમાં જ યાત્રા રજીસ્ટ્રેશન કાઉન્ટર, ક્લોક રૂમ, પ્રી-પેડ ઓટો અને હોટેલ જેવી સુવિધાઓ સરળતાથી મળી રહે છે. આ ઉપરાંત અહીંથી તારાકોટ માર્ગ, બાણગંગા અથવા સાંઝી છત માટે હેલિપેડ કે રોપવે પોઈન્ટ સુધી પહોંચવું પણ ખૂબ જ સરળ બની જશે. સાબરમતી-જમ્મુ તવી એક્સપ્રેસ (19223/19224) ટ્રેનનો રૂટ લંબાવાયો છે. 18 ઓક્ટોબર 2026થી આ ટ્રેન હવે જમ્મુ તવીને બદલે સીધી માતા વૈષ્ણોદેવી કટરા (SVDK) સુધી જશે. આ નિર્ણયથી ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને જમ્મુ-કાશ્મીરના યાત્રીઓને ફાયદો થશે. શ્રદ્ધાળુઓને જમ્મુથી કટરા જવા માટે બસ કે ટેક્સીનો 50 કિમીનો પ્રવાસ અને 300-500 રૂપિયાનો વધારાનો ખર્ચ બચશે.

# 'લાડલી બહેના યોજના બહુ મોંઘી પડી, મને ક્યાં ખબર હતી...': ભાજપના CMનું નિવેદન બન્યું ચર્ચાનો વિષય

ભોપાલ

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે રાજ્ય સરકારની મહત્ત્વની 'લાડલી બહેના યોજના'ને લઈને એક નિવેદન આપ્યું છે, જે હાલમાં ભારે ચર્ચામાં છે. રાજધાની ભોપાલના રવીન્દ્ર ભવનમાં એક કાર્યક્રમ દરમિયાન સીએમ યાદવ એક કન્ટેન્ટ ક્રિએટરના સવાલોના જવાબ આપી રહ્યા હતા. આ દરમિયાન તેમણે હળવાશથી કહ્યું કે, 'લાડલી બહેના યોજના ખૂબ જ ખર્ચીલી થઈ ગઈ છે, મુખ્યમંત્રી બનતી વખતે મને તેનો કોઈ અંદાજો નહોતો.' કન્ટેન્ટ ક્રિએટરના સવાલ પર આપ્યો જવાબ, છતરપુરની બુંદેલી કન્ટેન્ટ ક્રિએટરએ મુખ્યમંત્રીને સવાલ કર્યો હતો કે, સરકાર આટલું બધું કામ કરી રહી છે, તો હવે દીકરીઓ માટે આગળ શું નવી યોજનાઓ બનાવવામાં આવી રહી છે?' આ સવાલના જવાબમાં મુખ્યમંત્રી મોહન યાદવે હસતા-હસતા કહ્યું કે, 'બેટા, આ અંદરની વાત છે મને શું ખબર હતી કે મુખ્યમંત્રી બનતા જ આર્થિક બોજ પડે છે! લાડલી બહેના યોજના ખૂબ જ ખર્ચીલી સાબિત થઈ છે.' જોકે, તેમણે મજાકના અંદાજમાં ક્રિએટરને એમ પણ કહ્યું કે, 'હાલ તું આ યોજના માટે યોગ્ય નથી,



થોડી મોટી થઈ જા, પછી તને પણ આ યોજનાનો લાભ આપીશું.' મુખ્યમંત્રીના આ નિવેદન બાદ રાજકારણ પણ ગરમાયું છે. કોંગ્રેસ પાર્ટીએ આ મુદ્દે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. પૂર્વ મંત્રી અને કોંગ્રેસ નેતા ઉમંગ સિંઘરે નિશાન સાધતા જણાવ્યું હતું કે, 'ચૂંટણી પહેલાં બહેનો 'લાડલી' બની જાય છે અને સત્તામાં આવતા જ તે 'પરેશાની' બની જાય છે, આ જ ભાજપનું અસલી મહિલા સન્માન છે.' મધ્યપ્રદેશ સરકાર હાલમાં 'લાડલી બહેના યોજના' અંતર્ગત પાત્ર મહિલાઓને દર મહિને 1500 રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડે છે. આ યોજના પાછળ રાજ્યના ખજાનામાંથી વાર્ષિક આશરે 22,680 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ થાય છે. ઉલ્લેખનીય છે કે આ યોજનાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે 28 જાન્યુઆરી 2023ના રોજ કરી હતી, જેમાં શરૂઆતમાં 1000 રૂપિયા આપવાનું નક્કી કરાયું હતું, જે સમય જતાં વધારીને હવે 1500 રૂપિયા કરવામાં આવ્યા છે.

# બિહારના સારણમાં પૂરથી 236 ગામો પાણીમાં, 4.60 લાખ લોકો પ્રભાવિત

પટના

બિહારના સારણમાં પૂરના પાણી ધીમે ધીમે ઓસરી રહ્યા છે, પરંતુ 6 બ્લોક અને NH-722 હજુ પણ જળમગ્ન છે, જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ પૂરથી લાખો લોકો પ્રભાવિત થયા છે અને હજારો લોકોએ સ્થળાંતર કર્યું છે. પૂરથી ઘેરાયેલા બિહારના છપરા, સારણ જિલ્લામાં જળસ્તર ધીમે ધીમે ઘટી રહ્યું છે. જોકે હજુ પણ 6થી વધુ બ્લોકમાં પૂરના કારણે જનજીવન ખરાબ રીતે પ્રભાવિત છે. આ પૂરના કારણે મકેરમાં એનએચ-722 મુઝફ્ફરપુર-છપરા હાઈવે પર હજુ પણ લગભગ અડધો ફૂટ પાણી ભરાયેલા છે. તો બીજી તરફ અનેક ગામોના રસ્તાઓ ધોવાઈ ગયા છે, અને ડઝનબંધ ઘરો જમીનદોસ્ત થઈ ચૂક્યા છે. જિલ્લા વહીવટીતંત્રના



અહેવાલ મુજબ કેટલાક વિસ્તારોમાં પૂરના પાણી ઓસર્યા પણ છે. રોગચાળો ફેલાવાનો તંત્રને ડર આ તમામ વિસ્તારોમાં ચેપ અને રોગચાળો ફેલાતો અટકાવવા માટે બ્લીચિંગ પાવડરનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, જિલ્લાના 6 બ્લોકની 42 પંચાયતોના 236 ગામો હજુ પણ પૂરથી પ્રભાવિત છે. આ વિસ્તારોમાં રાહત, બચાવ, આરોગ્ય, પીવાનું પાણી, પશુ ચિકિત્સા અને અનાજ પુરવઠા સહિતની આવશ્યક સેવાઓ સતત ચલાવવામાં આવી રહી છે. એક અંદાજ મુજબ આ પૂરથી આશરે 4,60,963 વસ્તી અને 1,04,043 પરિવારો પ્રભાવિત થયા છે. 74 હજાર લોકોનું સ્થળાંતર પૂરના કારણે લગભગ 74,737 લોકોએ સ્થળાંતર કર્યું છે. આ તમામ લોકો પ્રભાવિત વિસ્તારોમાંથી નીકળીને સુરક્ષિત સ્થળોએ રહી રહ્યા છે. જે લોકો રાહત અને બચાવ છાવણીઓમાં રહી રહ્યા છે, તેમના માટે જરૂરી સંસાધનો સતત પૂરા પાડવામાં આવી રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા 54 મેડિકલ કેમ્પ લગાવવામાં આવ્યા છે, જ્યાં અત્યાર સુધીમાં 14,012 દર્દીઓની સારવાર કરવામાં આવી છે. તો બીજી તરફ પ્રભાવિત વિસ્તારોમાં પશુઓ માટે ચારા અને સારવારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

દોઢ લાખ લોકોને મળ્યું ભોજન

આપત્તિ વ્યવસ્થાપન વિભાગના જણાવ્યા અનુસાર, પ્રભાવિત વિસ્તારોમાં 133 સામુદાયિક રસોડા ચલાવવામાં આવી રહ્યા છે. અહીંથી 4, 51, 538 લોકોને ભોજન પૂરું પાડવામાં આવ્યું છે. વાહનવ્યવહાર અને રાહત-બચાવ કામગીરી માટે 128 હોડીઓ ચલાવવામાં આવી રહી છે. આ જ ક્રમમાં પ્રભાવિત વિસ્તારોમાં 55,718 પોલિથીન શીટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. તો બાળકોને પોષક તત્ત્વો પૂરા પાડવા માટે પ્રભાવિત પંચાયતોમાં 254 આંગણવાડી કેન્દ્રો ચલાવવામાં આવી રહ્યા છે.

# શિવસેનાના ચૂંટણી ચિહ્ન વિવાદ, સુપ્રીમ કોર્ટે કહ્યું- પક્ષપલટો બંધારણીય પાપ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે શિવસેનાના ચૂંટણી ચિહ્નના વિવાદ પર સુનાવણી કરી. કોર્ટે પૂછ્યું કે પક્ષપલટો કરનારાઓ માટે પક્ષના ચિહ્નની ભાવના કેવી રીતે લાગુ થશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી અને ન્યાયમૂર્તિ વી. મોહનાની બેન્ચે આ સવાલ ઉઠાવ્યો. બેન્ચ એકનાથ શિંદે જૂથને ધનુષ-બાણનું ચિહ્ન આપવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. સુનાવણી દરમિયાન શિંદે જૂથના વકીલ નીરજ કિશન કૌલે દલીલો કરી. તેમણે કહ્યું કે ચૂંટણી પંચે ધારાસભ્ય બહુમતીના આધારે લીધેલો નિર્ણય કાયદેસર રીતે યોગ્ય અને પ્રાસંગિક હતો. સુપ્રીમ કોર્ટે અગાઉ પણ પૂછ્યું હતું કે શું ચૂંટણી પંચ બંને જૂથોને આરક્ષિત ધનુષ-બાણનું ચિહ્ન આપવાનો ઈનકાર કરી શક્યું હોત. કોર્ટે એ પણ સવાલ કર્યો હતો કે જે ધારાસભ્યોની સભ્યતા રદ કરવાની કાર્યવાહી ચાલી રહી હોય, તેમની સંખ્યાને બહુમતીનો સુરક્ષિત આધાર માનવામાં આવી શકે કે નહીં.

જસ્ટિસ બાગચીએ પૂછ્યું કે જો ગેરલાયકાતની કાર્યવાહીનો સામનો કરી રહેલા સભ્યો બાદમાં પોતાની સભ્યતા ગુમાવી દે, તો પક્ષનું ચૂંટણી ચિહ્ન કેવી રીતે કાર્ય કરશે. તેમણે કહ્યું, "રાજકીય પક્ષને સ્વતંત્રતા રહે છે.



પાક્કો ગુજરાત

બુધવાર । 07 ઓક્ટોબર 2026 । અમદાવાદ

### શુક્લતીર્થમાં રેતી માફિયાઓનું બેફામ તાંડવ

# ગાંધીનગરના કડક આદેશોને નેવે મૂકીને ગેરકાયદે ખનન યથાવત

**ભરૂચ**

ગુજરાત સરકાર અને મુખ્યમંત્રી કાર્યાલય (CMO) દ્વારા રાજ્યમાં ચાલતા ગેરકાયદે ખનન અને રેતી ચોરી સામે સખ્તાઈથી પેશ આવવાના અને દાખલારૂપ પગલાં ભરવાના સ્પષ્ટ આદેશો આપવામાં આવ્યા છે. તેમ છતાં, ભરૂચ જિલ્લાના પવિત્ર અનેhistorical એવા શુક્લતીર્થ પંથકમાં નર્મદા નદીના પટમાંથી રેતી ખનન માફિયાઓ બેફામ બન્યા છે. ગાંધીનગરના કાગળ પરના આદેશો સ્થાનિક વહીવટી તંત્ર અને ખાણ-ખનીજ વિભાગની મિલીભગતથી માત્ર શોભાના ગાંઠિયા સાબિત થઈ રહ્યા છે. સવાલ એ થાય છે કે, સરકારના સ્પષ્ટ આદેશો હોવા છતાં શુક્લતીર્થમાં ચાલતા આ ખુલ્લેઆમ ગેરકાયદે ખનન પાછળ અસલી જવાબદાર કોણ?

ભરૂચ જિલ્લાના શુક્લતીર્થ તથા આસપાસના નદી કિનારાના વિસ્તારોમાં લાંબા સમયથી ખનન માફિયાઓએ આતંક મચાવ્યો છે. હાઈપાવર મશીનરીઓ, હિટાચી મશીનો અને ઓવરલોડેડ ડમ્ફરોની મદદથી રાત-દિવસ બેફામ રેતી ઉલેચવામાં આવી રહી છે. ગાંધીનગરથી રાજ્ય સ્તરેથી ગેરકાયદે ખનન નાબૂદ કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે, છતાં સ્થાનિક સ્તરે બેઠેલા અધિકારીઓની ઘોર નિષ્ક્રિયતા કે પછી ભ્રષ્ટ સાંઠગાંઠના કારણે રેતી ચોરોની તિજોરીઓ છલકાઈ રહી છે અને સરકારની કરોડો રૂપિયાની ખનીજ સંપત્તિ લૂંટાઈ રહી છે.

શુક્લતીર્થ જેવા ધાર્મિક અને કુદરતી મહત્ત્વ ધરાવતા ક્ષેત્રમાં નદીના પટને ઊંડા છિદ્રો કરીને ખોદી નાખવામાં આવી રહ્યો છે. બેફામ ખનનને કારણે નદીના કાંઠા ધોવાઈ રહ્યા છે અને ભૂગર્ભ જળસ્તર પર પણ ગંભીર જોખમ ઊભું થયું છે. સ્થાનિક નાગરિકો અને જાગૃત અગ્રણીઓ દ્વારા અનેકવાર રજૂઆતો કરવા છતાં સ્થાનિક તંત્ર દ્વારા માત્ર આંખમીંચામણા કરવામાં આવે છે અથવા તો કાગળ પર સામાન્ય દંડ ફટકારીને સંતોષ માની લેવામાં આવે છે.

જ્યારે ગાંધીનગરથી કડક વલણ અપનાવવામાં આવ્યું છે, ત્યારે સ્થાનિક ખાણ-ખનીજ વિભાગ (Mining Department), પોલીસ અને વહીવટી તંત્રની કામગીરી સામે શંકાની સોય તાકાઈ રહી છે. શું અધિકારીઓની રહેમનજર વિના આટલા મોટા પાયે ગેરકાયદે ખનન ચાલવું શક્ય છે? લાખો-કરોડો રૂપિયાની રેતી ચોરી કરનાર આ માફિયાઓ સામે ક્યારે કડક લેન્ડ ગ્રેબિંગ કે પાસા હેઠળ કાર્યવાહી થશે?

પ્રજાના ટેક્સના પૈસાથી ચાલતી સરકારના આદેશોની આ રીતે ધજાગરા ઉડાડતા ખનન માફિયાઓ સામે હવે ઉચ્ચ સ્તરેથી કોઈ સપાટો બોલાવવામાં આવે છે કે કેમ, તે જોવું રહ્યું. પરંતુ શુક્લતીર્થની ધરા પર ચાલી રહેલી આ ખુલ્લેઆમ લૂંટ સામે હવે જનતામાં પણ ભીષણ રોષ જોવા મળી રહ્યો છે.



### ઓવરબ્રિજ પર સુરક્ષા જાળી ઊંચી કરવા માગ

## CTM ડબલ ડેકર ઓવરબ્રિજ પરથી યુવકે ઝંપલાવ્યું:અઠવાડિયામાં બીજી ઘટના

**અમદાવાદ**

અમદાવાદમાં CTM ચાર રસ્તા ડબલ ડેકર ઓવરબ્રિજ પરથી મંગળવારે સવારે એક અજાણ્યા યુવકે અગમ્ય કારણોસર કૂદીને આપઘાત કરી લીધો છે. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને મૃતકની ઓળખ કરવા કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા એક્સપ્રેસ હાઈવે તરફ જતા ડબલ ડેકર ઓવરબ્રિજ ઉપર ચાલુ ટ્રાફિક વચ્ચે યુવક અચાનક કૂદી પડતાં વાહનચાલકો અને રાહદારીઓ થોડીવાર માટે થંભી ગયા હતા. ઘટનાની જાણ થતાં રામોલ પોલીસ તથા ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી અને ઘટનાસ્થળે એકઠા થયેલા લોકોના ટોળા અને ટ્રાફિકજામ દૂર કર્યો હતો. બાદમાં યુવકની લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આપી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. બીજી તરફ



CTM ડબલ ડેકર ઓવરબ્રિજ પર અનેક સ્થળે સુરક્ષા જાળી ટૂંકી હોવાથી અગાઉ પણ લોકો ઓવરબ્રિજ પરથી નીચે પડવાના અથવા ઝંપલાવવાના બનાવો બન્યા છે. છેલ્લા એક સપ્તાહમાં જ બીજી ઘટના બની હોવાનું સામે આવ્યું છે. તેમજ ડબલ ડેકર ઓવરબ્રિજ પર ટૂંકી સુરક્ષા જાળીના કારણે લોકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. ઓવરબ્રિજ પર સુરક્ષા જાળીની ઊંચાઈ વધારવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.

## છોટાઉદેપુરના ખજૂરિયા નજીક ટ્રેનની ટાવર વેગનની અડફેટે યુવાનનું કરૂણ મોત

**છોટાઉદેપુર**

છોટાઉદેપુર નજીક સર્જાયો ગંભીર રેલ અકસ્માત: ક્લાસ પતાવી ઘરે પરત ફરી રહેલા ૨૩ વર્ષીય હિંમત રાઠવા પર ફરી વળ્યું ટાવર વેગન, ઘટનાસ્થળે જ નીપજ્યું કમકમાટીભર્યું મોત. છોટાઉદેપુર જિલ્લામાં એક અત્યંત દર્દનાક અકસ્માતની ઘ ટના સામે આવી છે. ખજૂરિયા ગામના એક ૨૩ વર્ષીય આશાસ્પદ યુવાનનું રેલવે લાઇન પર રિપેરિંગ કામગીરી દરમિયાન ટાવર વેગનની અડફેટે આવી જતાં ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે. મળતી માહિતી અનુસાર, ખજૂરિયા ગામના રહેવાસી હિંમતભાઈ નસરાભાઈ રાઠવા (ઉંમર વર્ષ આશરે ૨૩) ઝબુગામ ખાતે પોતાના ક્લાસ પૂર્ણ કરીને ટ્રેન મારફતે પુનિયાવાટ પરત આવ્યા હતા. સ્ટેશન કે હાલ્ટ પરથી ઉતરીને તેઓ રેલવે લાઇન નજીક થઈને પોતાના ગામ ખજૂરિયા તરફ ચાલીને જઈ રહ્યા હતા. આ દરમિયાન રેલવે લાઇન પર રિપેરિંગ કામગીરીમાં વપરાતું ટાવર વેગન મશીન અચાનક આવી ચડતાં હિંમતભાઈ તેની ઝપેટમાં આવી ગયા હતા અને ગંભીર ઈજાઓને કારણે તેમનું સ્થળ પર જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું. અકસ્માતની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. યુવાનના અચાનક થયેલા આકસ્મિક અવસાનથી ખજૂરિયા અને આસપાસના વિસ્તારમાં ભારે અરેરાટી સાથે ઘેરા શોકની લાગણી ફરી વળી છે.

### માલિકની જાણ બહાર મેનેજરે મોંઘા સ્માર્ટફોન વેચી દીધા

## શેલામાં આવેલા મોબાઈલ શો-રૂમમાં 20 લાખની છેતરપિંડી!!

**અમદાવાદ**

અમદાવાદના શેલા વિસ્તારમાં મોબાઈલ શો-રૂમના સ્ટોર મેનેજર જય જોષીએ માલિક સાથે 20.70 લાખ રૂપિયાની છેતરપિંડી આચરી છે. મેનેજરે ગ્રાહકોને વેચેલા મોબાઈલના નાણાં જમા કરાવ્યા ન હતા અને 16 સ્માર્ટફોન પણ બારોબાર વેચી દીધા હતા. હેડ ઓફિસના ઓડિટમાં આ કૌભાંડ પ્રકાશમાં આવતા, બોપલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



શેલા વિસ્તારમાં આવેલા મોબાઈલ શો-રૂમમાં સ્ટોર મેનેજર તરીકે ફરજ બજાવતા શખસે દુકાન માલિક સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મેનેજરે પોતાની સત્તાનો દુરુપયોગ કરી શો-રૂમમાંથી અંદાજે 20.70 લાખ રૂપિયાની માતબર રકમની ઉચાપત કરી છે. કસ્ટમરને વેચેલા કિંમતી મોબાઈલના નાણાં જમા ન કરાવી બારોબાર સગેવગે કરી દેનાર મેનેજર સામે બોપલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. મળતી માહિતી અનુસાર, મેમનગરના રહેવાસી મનીષ ગહેલોતે 15 જુલાઈ 2025ના રોજ શેલા ખાતે આ શો-રૂમ શરૂ કર્યો હતો અને સ્થાનિક જય જોષીને સ્ટોર મેનેજર તરીકેની તમામ જવાબદારી સોંપી હતી. 28 સપ્ટેમ્બર 2026ના રોજ કંપનીની હેડ ઓફિસથી ઓડિટ દરમિયાન મનીષને જાણ કરવામાં આવી હતી કે તેના હિસાબમાં 6.20 લાખ રૂપિયાનું બેન્કિંગ શોર્ટ બોલે છે. આ અંગે પૂછપરછ કરાતાં મેનેજર જયે બે દિવસમાં રકમ જમા કરાવી દેવાની બાંહેધરી આપી હતી. પરંતુ બીજી ઓક્ટોબરના સુધી નાણાં જમા ન થતાં રૂબરૂ તપાસ હાથ ધરવામાં આવી હતી. દુકાન માલિક અને હેડ ઓફિસ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં ઘટસ્ફોટ થયો હતો.

મેનેજર જય જોષીએ કંપનીની જાણ બહાર સ્ટોકમાંથી કુલ 16 કિંમતી સ્માર્ટફોન બારોબાર વેચી મારીને 14.49 લાખ રૂપિયા પણ ચાંઉ કરી લીધા હતા. આમ, રોકડા 6.20 લાખ રૂપિયા અને મોબાઈલ ફોનની કિંમત 14.49 લાખ રૂપિયા મળીને કુલ 20.70 લાખ રૂપિયાની અંગત સ્વાર્થ માટે ઉચાપત કરી હોવાનું સ્પષ્ટ થયું હતું. માલિકના વિશ્વાસનો ગેરલાભ ઉઠાવી મોટું આર્થિક નુકસાન પહોંચાડવા બદલ મનીષ ગહેલોતે બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બોપલ પોલીસે આરોપી મેનેજર જય જોષી સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરવા તેમજ આ કૌભાંડમાં અન્ય કોઈ શખસની સંડોવણી છે કે કેમ તે દિશામાં સઘન તપાસ શરૂ કરી છે.

### છોટાઉદેપુર SOG ની મોટી કાર્યવાહી

## નસવાડીના માતોરા ગામેથી 8.01 લાખનો લીલો ગાંજો ઝડપાયો, 2 આરોપીની ધરપકડ

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ નસવાડી તાલુકાના માતોરા ગામે ખેતરમાં રેડ પાડી ગેરકાયદે વાવેતર કરાયેલા લીલા ગાંજાના છોડનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ 38 છોડ, 16.2 કિલોગ્રામ વજનનો ગાંજો અને રૂ.8,01,000નો મુદ્દામાલ કબજે કરી બે આરોપીઓ સામે NDPS એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્યમાં નશીલા પદાર્થોની હેરાફેરી અને ગેરકાયદે વેચાણ અટકાવવા ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં NDPS સંબંધિત ગુનાઓ શોધી કાઢવા ઝુંબેશ ચાલી રહી છે. આ દરમિયાન SOGના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એમ.એચ. જાદવને મળેલી



બાતમીના આધારે નસવાડીના માતોરા ગામે આવેલા ખેતરમાં કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે ખેતરમાં તપાસ કરતાં આરોપીઓના કબજા-ભોગવટાવાળા ખેતરોમાંથી ગેરકાયદેસર રીતે વાવેતર કરાયેલા લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. સ્થળ પરથી કુલ 38 છોડ મળી આવ્યા હતા, જેનું કુલ વજન 16.2 કિલોગ્રામ અને અંદાજિત કિંમત રૂ.8.01 લાખ હોવાનું પોલીસે જણાવ્યું છે.

આ મામલે પોલીસે માતોરાના મોટા ફળિયામાં રહેતા વિષ્ણુભાઈ રામાભાઈ રાઠવા અને દામણભાઈ કચરાભાઈ રાઠવા સામે ધી નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. વધુ કાયદેસરની કાર્યવાહી માટે બંને આરોપીઓને નસવાડી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.

### રાત્રિના સમયે અકસ્માત અટકાવવા પદયાત્રીઓને વિનામૂલ્યે રેડિયમ લગાવી આપ્યું

## પાવાગઢ જતા પદયાત્રીઓની સુરક્ષા માટે છોટાઉદેપુર ટ્રાફિક પોલીસની સરાહનીય પહેલ

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

આગામી સમયમાં નવરાત્રી પર્વનો પ્રારંભ થનાર છે ત્યારે પાવાગઢ ખાતે માતાજીના દર્શન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પગપાળા પદયાત્રા કરીને જતા હોય છે. નવરાત્રી દરમિયાન પાવાગઢ તરફ જતા માર્ગો પર પદયાત્રીઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધતી હોય છે. ખાસ કરીને રાત્રિના સમયે અંધારાના કારણે પદયાત્રીઓ વાહનચાલકોને સરળતાથી દેખાઈ ન આવતા અકસ્માતની સંભાવના રહેતી હોય છે. આ બાબતને



ધ્યાનમાં રાખીને છોટાઉદેપુર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા પદયાત્રીઓની સુરક્ષા માટે સરાહનીય કામગીરી હાથ ધરવામાં આવી છે. રાત્રિના સમયે પદયાત્રીઓ વાહનચાલકોને દૂરથી જ સ્પષ્ટ દેખાઈ શકે અને અકસ્માતની ઘટનાઓને અટકાવી શકાય તે હેતુથી ટ્રાફિક પોલીસ દ્વારા પદયાત્રીઓને વિનામૂલ્યે રેડિયમ લગાવી આપવામાં આવી રહ્યું છે. પદયાત્રીઓના કપડાં તથા જરૂરી સ્થળોએ રેડિયમ લગાવવામાં આવતા રાત્રિના સમયે વાહનની લાઈટ પડતાં પદયાત્રીઓ સરળતાથી નજરે પડે છે. જેના કારણે વાહનચાલકોને સમયસર પદયાત્રીઓની હાજરી અંગે જાણ થાય અને વાહનની ગતિ નિયંત્રિત કરી શકાય છે.

નવરાત્રી દરમિયાન પાવાગઢ ખાતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોવાથી છોટાઉદેપુર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કામગીરી પદયાત્રીઓની સલામતી માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

## અંકલેશ્વરના શિવ દર્શન બંગ્લોઝમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, ભરૂચનો રીઢો આરોપી ઝડપાયો

**અંકલેશ્વર, ભરૂચ**

અંકલેશ્વર શહેરના નવી દીવી ગામે આવેલા શિવ દર્શન બંગ્લોઝમાં બંધ મકાનનો નકુચો તોડી સોનાના દાગીનાની ચોરી કરવાના ગુનાનો ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી એક આરોપીને ઝડપી પાડ્યો છે. એલ.સી.બી.ની ટીમ ચોરીના બનાવના પગલે રૂટ પરના સીસીટીવી કેમેરાની તપાસ કરી રહી હતી, તે દરમિયાન મળેલી બાતમીના આધારે ભરૂચના શક્તિનાથ સર્કલ પાસેથી સતવંતસીંગ ઉર્ફે સંતુ ગુરદાસસીંગ ટાંક (ઉં.વ. 31)ને ઝડપી લેવામાં આવ્યો હતો.



પોલીસની પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે, તે પોતાના પડોશમાં રહેતા લાખનસીંગ, રાજેન્દ્રસીંગ તથા તેમની સાથે આવેલા અન્ય એક ઈસમ સાથે રાજેન્દ્રસીંગની વાદળી કલરની સ્વિફ્ટ કારમાં અંકલેશ્વરના નવી દીવી ગામે પહોંચ્યો હતો. વહેલી સવારે શિવ દર્શન બંગ્લોઝના બંધ મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને હોલમાં રાખેલી પતરાની તિજોરીમાંથી અલગ-અલગ સોનાના દાગીનાની ચોરી કરી હતી.

## રાણપુર શહેરમાં યોજાયેલ સેવા સેતુ 2.1 કાર્યક્રમ સામે સવાલો,અરજદારોમાં ભારે નારાજગી

### સરકારી સેવા મેળવવા આવેલા અરજદારોને મુશ્કેલી પડ્યાની ચર્ચા વચ્ચે તંત્રની કામગીરી સામે સવાલો, ફોટોસેશન અને સન્માન વચ્ચે નાગરિકોના પ્રશ્નો અવગણાયા

**રાણપુર, વિપુલ લુહાર**

બોટાદ જિલ્લાના રાણપુર ગ્રામ પંચાયત ખાતે યોજાયેલા 'સેવા સેતુ 2.1' કાર્યક્રમને લઈને હવે સ્થાનિક સ્તરે અનેક સવાલો ઉઠવા લાગ્યા છે. સરકાર દ્વારા સામાન્ય નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળેથી સરળતાથી મળી રહે અને અરજદારોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેવા હેતુથી સેવા સેતુ કાર્યક્રમો યોજવામાં આવે છે. જોકે, રાણપુર ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન કેટલાક અરજદારોને કામગીરી માટે મુશ્કેલી પડી હોવાની તેમજ યોગ્ય માર્ગદર્શનના અભાવે પરેશાની ભોગવવી પડી હોવાની ફરિયાદો અને ચર્ચાઓ સામે આવી છે.પ્રાપ્ત વિગતો મુજબ, સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ સરકારી સેવાઓ માટે મોટી સંખ્યામાં અરજદારો પહોંચ્યા હતા. તેમાં આધાર કાર્ડમાં સુધારા, અપડેટ સહિતની કામગીરી માટે પણ લોકો આવ્યા હતા. આ




દરમિયાન એક ગર્ભવતી મહિલા આધાર સંબંધિત કામગીરી માટે આવી હોવાનું અને તેને લાંબા સમય સુધી રાહ જોવી પડી હોવાનો આક્ષેપ અરજદાર તરફથી કરવામાં આવ્યો છે. અરજદારના જણાવ્યા મુજબ, મહિલા આશરે બે કલાક સુધી ઉભા રહી રાહ જોતી રહી હતી અને બાદમાં જરૂરી દસ્તાવેજો અધૂરા હોવાનું જણાવી તેને બોટાદ જઈને આધારની કામગીરી કરાવવાનું કહેવામાં આવ્યું હતું.

આ ઘટનાને લઈને અરજદારોમાં સવાલ ઉઠ્યો છે કે જો જરૂરી દસ્તાવેજો અને કામગીરી અંગેની ચકાસણી શરૂઆતમાં જ કરવામાં આવી હોત તો અરજદારને લાંબા સમય સુધી રાહ જોવાની ફરજ પડી ન હોત. ખાસ કરીને ગર્ભવતી મહિલા, વૃદ્ધો, દિવ્યાંગો તેમજ દૂરના ગામડાઓમાંથી આવતા અરજદારો માટે સેવા સેતુ જેવા કાર્યક્રમોમાં ઝડપી અને પ્રાથમિકતાના ધોરણે માર્ગદર્શન મળે તે જરૂરી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

## પાવીજેતપુરમાં ટ્રેનની અડફેટે યુવકનું કરુણ મોત, બે દિવસમાં જિલ્લામાં બીજો ટ્રેન અકસ્માત

**છોટાઉદેપુર**

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર ખાતેથી એક અત્યંત દુઃખદ અને કમકમાટીભર્યા સમાચાર સામે આવ્યા છે. પાવીજેતપુર રેલવે ટ્રેક પર ટ્રેનની અડફેટે આવી જતાં આણંદ જિલ્લાના સોજીત્રા ગામના એક આશાસ્પદ યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, આણંદ જિલ્લાના સોજીત્રા ગામના રહેવાસી સોલંકી રાહુલભાઈ વિપુલભાઈ પાવીજેતપુર ખાતે પોતાના સગા-સંબંધીઓને ત્યાં મહેમાન તરીકે આવ્યા હતા. દરમિયાન ગત રાત્રે આશરે 8:30 વાગ્યાના સુમારે તેઓ રેલવે ટ્રેક નજીક હતા ત્યારે પસાર થઈ રહેલી ટ્રેનની અડફેટે આવી ગયા હતા.

ટ્રેનની અડફેટે ગંભીર અકસ્માત સર્જાતા રાહુલભાઈ સોલંકીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં આસપાસના વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ સહિતનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

પોલીસે મૃતદેહનો કબજો મેળવી પંચનામું સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. યુવકના અચાનક મોતના સમાચારથી પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

નોંધનીય છે કે, ગતરોજ છોટાઉદેપુરના ખજુરીયા નજીક રેલવે ટાવર વેગનની અડફેટે આવી જતાં ખજુરીયા ગામના એક યુવાનનું પણ મોત નીપજ્યું હતું.



### જાહ્નવી કપૂર લાંબા સમયથી પોતાની લવ લાઇફને લઈને ચર્ચામાં

# કપૂર ખાનદાનમાં વાગશે શરણાઈઓ: હવે જાહ્નવી કપૂરનું નામ કોની સાથે જોડાયું?

મુંબઈ

બોલીવુડ અભિનેત્રી જાહ્નવી કપૂર લાંબા સમયથી પોતાની લવ લાઇફને લઈને ચર્ચામાં છે. અભિનેત્રીનું નામ રાજકીય પરિવાર સાથે સંબધિત શિખર પહાડિયા સાથે જોડાતું રહ્યું છે. જાહ્નવી કપૂરે અત્યાર સુધીમાં શિખર પહાડિયા સાથેના સંબંધોને સત્તાવાર સમર્થન મળ્યું નથી. હવે તેના એક ખાસ અંદાજે બંનેના સંબંધોને લઈને નવી ચર્ચાએ જોર પકડ્યું છે.

જાહ્નવીની કેટલીક તસવીરો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેમાં તે પ્લેનમાં એક ખાસ ટી-શર્ટ પહેરેલી જોવા મળી હતી. આ ટી-શર્ટ પર લખેલું હતું કે 'ઈફ લોસ્ટ, પ્લીઝ રિટર્ન ટૂ શિખર પહાડિયા' જાહ્નવીના આ મેસેજને જોઈ ફેન્સ ફરી શિખર પહાડિયા પ્રત્યે તેના પ્રેમના ખુલ્લા ઈશારા તરીકે જોઈ રહ્યા છે.

આ પહેલીવાર નથી જ્યારે જાહ્નવીએ શિખર સાથેના સંબંધને લઈને કોઈ સંકેત આપ્યો હોય. અગાઉ તે 'મેદાન'ની સ્ક્રીનિંગ દરમિયાન 'શીખુ' લખેલું પેન્ડન્ટ પહેરેલી જોવા મળી હતી. આ ઉપરાંત જાહ્નવી અને શિખર ઘણીવાર સાથે જોવા મળ્યા છે, જેના કારણે બંનેના સંબંધોને લઈને લાંબા સમયથી અટકળો ચાલી રહી છે. શિખરનો જાહ્નવીના પરિવાર સાથેનો સંબંધ પણ ખાસ હોવાનું સામે આવ્યું છે. શિખર ઘણીવાર જાહ્નવીના પિતા બોની કપૂર અને બહેન ખુશી કપૂર સાથે જોવા મળ્યો છે. બંને પરિવારો વચ્ચેની નિકટતાને જોતા જાહ્નવી અને શિખરના સંબંધને કપૂર પરિવારની મંજૂરી હોવાની ચર્ચા પણ થઈ રહી છે. જોકે, લગ્ન અંગે બંને તરફથી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. જાહ્નવી અને શિખરના સંબંધની વાત કરીએ તો બંને લાંબા સમયથી એકબીજાના સંપર્કમાં છે. બીજી તરફ, શિખર પહાડિયા મહારાષ્ટ્રના પૂર્વ મુખ્ય પ્રધાન સુશીલ કુમાર શિંદેના પૌત્ર છે. રાજકીય પરિવાર સાથેના જોડાણને કારણે પણ ચર્ચામાં રહે છે. બોલીવુડ અભિનેત્રી જાહ્નવી કપૂર લાંબા સમયથી પોતાની લવ લાઇફને લઈને ચર્ચામાં છે. અભિનેત્રીનું નામ રાજકીય પરિવાર સાથે સંબધિત શિખર પહાડિયા સાથે જોડાતું રહ્યું છે. જાહ્નવી કપૂરે અત્યાર સુધીમાં શિખર પહાડિયા સાથેના સંબંધોને સત્તાવાર સમર્થન મળ્યું નથી. હવે તેના એક ખાસ અંદાજે બંનેના સંબંધોને લઈને નવી ચર્ચાએ જોર પકડ્યું છે.

**જાહ્નવી અને શિખરના સંબંધની વાત કરીએ તો બંને લાંબા સમયથી એકબીજાના સંપર્કમાં છે.**

# 'દૃશ્યમ 3'નો બોક્સ ઓફિસ પર ધમાકો, ચાર દિવસમાં 300 કરોડ રૂપિયા છાપ્યા

### 'દૃશ્યમ 3'એ આ સાથે 2026માં આવેલી 'બોર્ડર 2'ને પણ પાછળ છોડી દીધી છે, 'બોર્ડર 2'એ ચાર દિવસમાં 180 કરોડ રૂપિયાની કમાણી કરી હતી

મુંબઈ

અજય દેવગન અને તબ્બુ સ્ટારર સસ્પેન્સ થ્રિલર 'દૃશ્યમ 3: ધ કન્ક્લૂઝન' બોક્સ ઓફિસ પર પોતાની મજબૂત પકડ જાળવી રાખી છે. 2 ઓક્ટોબર, 2026ના રિલીઝ થયેલી અભિષેક પાઠકની આ ફિલ્મ એક રોમાંચક અને સસ્પેન્સ થ્રિલર ફિલ્મ છે, જે લોકોને છેલ્લે સુધી જકડી રાખે છે. ફિલ્મની વાર્તા 'દૃશ્યમ 2' જ્યાં પૂરી થઈ હતી, ત્યાંથી આગળ વધે છે. અજય દેવગન ફરી વિજય સાલગાંવકરના રોલમાં જોવા મળે છે, જ્યારે તબ્બુ મીરા દેશમુખના પાત્રમાં છે. આ વખતે કેસમાં જયદીપ અહલાવત એસપી રાજવીર



સિંહ તોમર તરીકે એન્ટ્રી કરે છે અને પોલીસના હાથમાં વિજય વિરુદ્ધ નવો પુરાવો છે. સાથે જ પ્રકાશ રાજનો વકીલ ઈન્દ્રજીત શેટ્ટી પણ વિજય માટે નવી મુશ્કેલી ઊભી કરે છે. વાર્તામાં હવે મુખ્ય સવાલ છે કે 23 જુલાઈએ ખરેખર શું થયું હતું? 'દૃશ્યમ 3'એ આ સાથે 2026માં આવેલી 'બોર્ડર 2'ને પણ પાછળ છોડી દીધી છે. 'બોર્ડર 2'એ ચાર દિવસમાં 180 કરોડ રૂપિયાની કમાણી કરી હતી, જ્યારે 'દૃશ્યમ 3'નું ચાર દિવસનું ભારત નેટ કલેક્શન 197.50 કરોડ રૂપિયા છે. ફિલ્મની આ રફ્તાર તેને અજય દેવગનની કારકિર્દીની સૌથી મોટી ઓપનિંગ અને સૌથી સફળ ફિલ્મોમાં સ્થાન અપાવી રહી છે. 'દ્રશ્યમ 3' ફિલ્મના ચોથા દિવસે કુલ 16,274 શો યોજાયા હતા. ચોથા દિવસે ફિલ્મે 21 કરોડની કમાણી કરી છે. વિદેશોમાં ફિલ્મે 5 કરોડ રૂપિયાની કમાણી કરી છે.

# 'હનુમાન અંશ'ની 400 કરોડથી વધુની કમાણી અંગે રિચાએ આપ્યું મોટું નિવેદન

### ઋચા ચઢ્ઢા આ સફળતાને આધારે વર્ષ આ વર્ષને કન્ટેન્ટ આધારિત ફિલ્મો માટેનું 'લેન્ડમાર્ક વર્ષ' માનવા તૈયાર નથી

મુંબઈ

નીમ કરોલી બાબાના જીવન અને ઉપદેશો પર આધારિત ફિલ્મ 'હનુમાન અંશ'એ બોક્સ ઓફિસ પર આશ્ચર્યજનક સફળતા મેળવી છે. માત્ર 2 કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મે વિશ્વભરમાં 423.26 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કર્યું છે. જોકે અભિનેત્રી ઋચા ચઢ્ઢા આ સફળતાને આધારે વર્ષ આ વર્ષને કન્ટેન્ટ આધારિત ફિલ્મો માટેનું 'લેન્ડમાર્ક વર્ષ' માનવા તૈયાર નથી. તેનું કહેવું છે કે હજુ આવી ફિલ્મોની સતત સફળતા જોવા મળે ત્યાર બાદ જ કોઈ મોટો નિષ્કર્ષ કાઢી શકાય.

'હનુમાન અંશ'ની સફળતા એટલા માટે પણ ખાસ છે કારણ કે ફિલ્મે શરૂઆતમાં ખૂબ જ ઓછી કમાણી કરી હતી. વિશાલ ચતુર્વેદીના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મ માત્ર 355 શો સાથે રિલીઝ થઈ હતી અને પહેલા દિવસે તેની કમાણી માત્ર 10 લાખ રૂપિયા રહી હતી. ત્યાર બાદ કમાણી ઘટતી ગઈ અને આ ફિલ્મને રિલીઝના આઠમા દિવસે ફ્લોપ પણ ગણાવવામાં આવી હતી. જોકે મેકર્સે ફિલ્મને થિયેટરમાંથી હટાવી નહીં અને દર્શકોની માઉથ પબ્લિસિટીએ આખી સ્થિતિ બદલી નાખી હતી.

ફિલ્મની કમાણીમાં મોટો વળાંક 17મા દિવસે આવ્યો હતો. માઉથ પબ્લિસિટી બાદ દર્શકોની સંખ્યા ઝડપથી વધવા લાગી અને ફિલ્મે ત્યારથી બોક્સ ઓફિસ પર જોરદાર ગતિ પકડી હતી. આ ફિલ્મે ભારતમાં કરોડો રૂપિયાની કમાણી કરી હતી અને આઠ અઠવાડિયાની થિયેટર રન દરમિયાન વિશ્વભરમાં તેનો વર્લ્ડવાઇડ ગ્રોસ કલેક્શન 423 કરોડ રૂપિયાથી પણ વધુ હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. આ સફળતા અંગે રિચા ચઢ્ઢાને પૂછવામાં આવ્યું કે શું 'હનુમાન અંશ'ની સફળતા દર્શાવે છે કે 2026 કન્ટેન્ટ આધારિત સિનેમા માટે ખાસ વર્ષ બની રહ્યું છે? તેના જવાબમાં તેમણે સંમતિ દર્શાવી હતી. રિચાએ કહ્યું કે જો વાત 'હનુમાન અંશ'ની સફળતાની છે તો તે અલગ બાબત છે. તેમના મતે આ વર્ષે એવી કેટલી ફિલ્મો ચાલી છે, જેના આધારે કહી શકાય કે દર્શકો હવે માત્ર કન્ટેન્ટને પ્રાથમિકતા આપી રહ્યા છે, તે જોવું જરૂરી છે.





# અરિજિત સિંહની મોટી જાહેરાત: 2027માં દેશના 9 શહેરોમાં કરશે લાઇવ કોન્સર્ટ

### બોલીવુડના જાણીતા ગાયક અને સંગીતકાર અરિજિત સિંહે પોતાના ચાહકોને મોટી ખુશખબરી આપી છે.

મુંબઈ

બોલીવુડના જાણીતા ગાયક અને સંગીતકાર અરિજિત સિંહે પોતાના ચાહકોને મોટી ખુશખબરી આપી છે. આ વર્ષે જાન્યુઆરીમાં પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિ જાહેર કર્યા બાદ હવે અરિજિત સિંહે હવે ભારતીય પ્રવાસની જાહેરાત કરી છે. તેઓ 2027માં દેશના 9 શહેરમાં લાઈવ કોન્સર્ટ કરશે. આ પ્રવાસની શરૂઆત નવમી જાન્યુઆરીએ અમદાવાદથી થશે અને 15 મેના હૈદરાબાદમાં અંતિમ કાર્યક્રમ યોજાશે. અરિજિત સિંહના પ્રવાસમાં અમદાવાદ બાદ 23 જાન્યુઆરીએ ચંડીગઢ, 7 ફેબ્રુઆરીએ જયપુર અને 20 ફેબ્રુઆરીએ મુંબઈમાં કાર્યક્રમ યોજાશે. ત્યાર બાદ 13 માર્ચે બેંગલોર, 27 માર્ચે દિલ્હી, 10 એપ્રિલે પુણે, 1 મેના ઈન્દોર અને અંતે 15 મેના હૈદરાબાદમાં તેઓ લાઈવ પરફોર્મ કરશે. આ જાહેરાત બાદ તેમના ચાહકોમાં ખાસ્સો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ પ્રવાસની જાહેરાત અરિજિતના ઈન્સ્ટાગ્રામ ખાતા પર કરવામાં આવી છે. જાહેરાતમાં જણાવાયું છે કે જે અવાજ પ્રેમકથાઓ, દિલ તૂટવાની પળો, મોડી રાતની ડ્રાઈવ અને જીવનની અનેક યાદો સાથે ચાહકોની સાથે રહ્યો છે, તેને હવે લાઈવ સાંભળવાની તક મળશે. એટલે ચાહકો માટે અરિજિતના લોકપ્રિય ગીતોનો લાઈવ અનુભવ કરવાનો આ ખાસ મોકો બની રહેશે. પ્રવાસની ટિકિટ માટે પ્રી-સેલ 11 ઓક્ટોબર 2026થી શરૂ થશે, જ્યારે સામાન્ય ટિકિટ વેચાણ 13 ઓક્ટોબરથી શરૂ થશે. અરિજિતના લાઈવ કાર્યક્રમમાં સામેલ થવા ઈચ્છતા ચાહકો માટે ટિકિટ બુકિંગની શરૂઆત પણ ટૂંક સમયમાં થવાની છે. ખાસ કરીને મુંબઈના ચાહકો માટે 20 ફેબ્રુઆરીની તારીખ મહત્વની બની રહેશે. પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિ જાહેર કરી હોવા છતાં અરિજિતે અગાઉ સાઈન કરેલા પ્રોજેક્ટ્સ માટે ગાયેલા ગીતો હજુ રિલીઝ થઈ રહ્યા છે. તેઓ હાલમાં નવા ફિલ્મ પ્રોજેક્ટ માટે પ્લેબેક સિંગિંગનું કામ સાઈન કરી રહ્યા નથી.

# વિપુલ અમૃતલાલની 'સમુક'માં સ્વાનંદ કિરકિરેની એન્ટ્રી, અક્ષય કુમાર સાથે સ્ક્રીન શેર કરશે!

મુંબઈ

અક્ષય કુમાર અને વિપુલ અમૃતલાલ શાહની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'સમુક'ની કાસ્ટિંગને લઈને ચાલી રહેલી ચર્ચાઓમાં હવે સ્વાનંદ કિરકિરેનું નામ પણ જોડાઈ ગયું છે. અભિનેતા અને લેખક સ્વાનંદ કિરકિરે આ બહુપ્રતિક્ષિત સાયન્સ-ફિક્શન એક્શન-સર્વાઈવલ થ્રિલરનો ભાગ હોવાની માહિતી મળી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કનિષ્ક વર્માના નિર્દેશનમાં બની રહેલી આ ફિલ્મમાં કિરકિરે મહત્વની ભૂમિકામાં જોવા મળશે. સનશાઈન પિક્ચર્સના બેનર હેઠળ વિપુલ અમૃતલાલ શાહ દ્વારા નિર્મિત અને આશીન એ. શાહ દ્વારા સહ-નિર્મિત 'સમુક'નું શૂટિંગ હાલમાં લંડનમાં ચાલી રહ્યું છે. આ ફિલ્મ અક્ષય કુમાર અને વિપુલ અમૃતલાલ શાહને 13 વર્ષ બાદ ફરી એકસાથે લાવી રહી છે અને તેને થિયેટરના દર્શકો માટે મોટા પાયે તૈયાર કરવામાં આવી રહી છે. સ્વાનંદ કિરકિરે લાંબા સમય બાદ ફરી અક્ષય કુમાર સાથે જોડાઈ રહ્યા છે. તેમણે અક્ષય કુમારની ફિલ્મ 'પેડ મેન'માં લેખક તરીકે યોગદાન આપ્યું હતું અને બાદમાં 'ચુંબક'માં અભિનય પણ કર્યો હતો, જેને અક્ષય કુમારે પ્રેઝન્ટ કરી હતી. હવે 'સમુક'માં બંને એકસાથે સ્ક્રીન શેર કરે તેવી શક્યતા છે. જોકે, કિરકિરેના પાત્ર વિશેની માહિતી હાલમાં ગુપ્ત રાખવામાં આવી છે. ગીતકાર, લેખક અને અભિનેતા તરીકે પોતાની ઓળખ બનાવનાર સ્વાનંદ કિરકિરે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અલગ-અલગ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા બતાવી છે. 'સમુક'માં તેમની કાસ્ટિંગ ફિલ્મની સતત રસપ્રદ બની રહેલી અને અલગ-અલગ રંગ ધરાવતી સ્ટારકાસ્ટમાં વધુ એક ખાસ સ્ક્રીન પ્રેઝન્સ ઉમેરે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફિલ્મની વાર્તામાં કિરકિરેનું પાત્ર ખૂબ જ મહત્વપૂર્ણ છે.





પાક્કો ગુજરાત

બુધવાર | 07 ઓક્ટોબર 2026 | અમદાવાદ

## 'પ્લેયર ઓફ ધ મંથ' એવોર્ડ માટે 3 ખેલાડીઓને નોમિનેટ કરાયા

# ICC Player Of the Month : ICCએ 3 દાવેદારોના નામ જાહેર કર્યા

મુંબઇ

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા સપ્ટેમ્બર મહિનાના 'પ્લેયર ઓફ ધ મંથ' એવોર્ડ માટે નોમિનેટ થયેલા 3 ખેલાડીઓની યાદી જાહેર કરવામાં આવી છે. વ્હાઈટ બોલ ક્રિકેટ એટલે કે વનડે અને T20I માં શાનદાર પ્રદર્શન કરનારા ખેલાડીઓને આ પ્રતિષ્ઠિત સન્માનની યાદીમાં સ્થાન મળ્યું છે. આ વખતે ભારતના બે યુવા સિતારાઓ અને ઝિમ્બાબ્વેના સ્ટાર ઓલરાઉન્ડર વચ્ચે ખિતાબ જીતવા માટે રોમાંચક સ્પર્ધા જોવા મળશે. દિલ્હીમાં રમાયેલી T20 શ્રેણીમાં વિસ્ફોટક બેટિંગનું મળ્યું ઈનામ ભારતીય ઓપનર અભિષેક શર્મા (Abhishek Sharma)ને અફઘાનિસ્તાન સામે દિલ્હીમાં રમાયેલી 3 મેચોની T20 સીરીઝમાં કરેલા શાનદાર પ્રદર્શનના આધારે આ એવોર્ડ માટે નોમિનેટ કરાયો છે. તેણે તે 3 મેચોમાં 76.33 ની એવરેજથી કુલ 229 રન ફટકાર્યા હતા. આ જ શ્રેણી દરમિયાન તેણે માત્ર 30 બોલમાં સદી ફટકારી હતી, જે T20 ફોર્મેટમાં કોઈપણ ભારતીય બેટ્સમેન દ્વારા બનાવવામાં આવેલી સૌથી ઝડપી સદીનો રેકોર્ડ છે. વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર સદી અને બેવડી સદીની ભેટ ભારતીય ટીમના યુવા ઓપનર શુભમન ગિલ (Shubman Gill)ને વેસ્ટ ઈન્ડિઝ સામેની વનડે શ્રેણીમાં કરેલા વિસ્ફોટક પ્રદર્શનનું




પરિણામ મળ્યું છે. તેણે પ્રથમ વનડેમાં શાનદાર સદી અને બીજી વનડેમાં બેવડી સદી ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. હાલમાં તે ICC વનડે રેન્કિંગમાં નંબર 1 બેટ્સમેન છે અને વેસ્ટ ઈન્ડિઝ સામેની આ સીરીઝમાં સૌથી વધુ રન બનાવનાર બેટર પણ બન્યો હતો. ઓસ્ટ્રેલિયા સામેના ઓલરાઉન્ડ પ્રદર્શનથી ચમક્યા. વિશ્વના નંબર-2 ઓલરાઉન્ડર સિકંદર રઝા (Sikandar Raza) ને પણ આ યાદીમાં મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. ઓસ્ટ્રેલિયા સામે તાજેતરમાં રમાયેલી 3 મેચોની વનડે સીરીઝમાં તેણે બેટ અને બોલ બંનેથી જોરદાર પ્રદર્શન નોંધાવ્યું હતું, જેના પરિણામે તે સપ્ટેમ્બર મહિનાના પ્લેયર ઓફ ધ મંથ માટે નોમિનેટ થવામાં સફળ થયો છે. ICC દ્વારા સપ્ટેમ્બર મહિનાના 'પ્લેયર ઓફ ધ મંથ' એવોર્ડ માટે 3 ખેલાડીઓને નોમિનેટ કરાયા છે. ભારતના યુવા સિતારાઓ અભિષેક શર્મા અને શુભમન ગિલ તેમજ ઝિમ્બાબ્વેના સિકંદર રઝા વચ્ચે રોમાંચક સ્પર્ધા જોવા મળશે. અભિષેકે અફઘાનિસ્તાન સામે 229 રન ફટકાર્યા, જેમાં 30 બોલમાં સદીનો સમાવેશ થાય છે. શુભમને વેસ્ટ ઈન્ડિઝ સામે સદી અને બેવડી સદી ફટકારી હતી.

## વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન હરમનપ્રીત કૌરે અચાનક પદ છોડ્યું

નવી દિલ્હી

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન હરમનપ્રીત કૌરે મંગળવાર, ઓક્ટોબર 6 ના રોજ ટીમની કપ્તાની છોડવાની જાહેરાત કરી છે. હરમનપ્રીતનો આ નિર્ણય તાજેતરમાં જ ભારતને એશિયન ગેમ્સ 2026 માં ગોલ્ડ મેડલ અપાવ્યા બાદ સામે આવ્યો છે. આ નિર્ણયથી સ્પષ્ટ થઈ ગયું છે કે હરમનપ્રીત હવે રમતના તમામ ફોર્મેટમાં ભારતની કેપ્ટનશિપ પદ પરથી હટી ગઈ છે. જોકે તે ખેલાડી તરીકે ટીમ સાથે જોડાયેલી રહેશે. હરમનપ્રીતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરીને આ નિર્ણયની સત્તાવાર જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે આ નિર્ણય લેવો તેમના માટે જરાય સરળ નહોતો, કારણ કે આ ભૂમિકા સાથે તેમની વર્ષોની યાદો, ભાવનાઓ અને અનેક બલિદાનો જોડાયેલા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ટીમ હંમેશાં સર્વોપરી રહે તે માટે તેમણે ઘણીવાર પોતાની અંગત મહત્ત્વાકાંક્ષાઓને બાજુ પર રાખી હતી. 37 વર્ષીય હરમનપ્રીતે સૌપ્રથમ 2012 માં હંગામી ધોરણે કપ્તાની સંભાળી હતી અને ભારતને મહિલા T20 એશિયા કપ જીતાડ્યો હતો. ત્યારબાદ ૨૦૧૬ માં તેમને કાયમી કેપ્ટન બનાવવામાં આવ્યા હતા, જેનાથી ભારતીય મહિલા ક્રિકેટમાં એક સુવર્ણ યુગની શરૂઆત થઈ હતી. તેમના નેતૃત્વમાં ટીમ અનેક ઐતિહાસિક વિજયોની સાક્ષી બની છે.

### આયોજકો દ્વારા શરતો ન સ્વીકારાતાં, પાકિસ્તાને ટૂર્નામેન્ટ ગુમાવી

## 'ભારતીય ટીમ લેખિતમાં માફી માંગે' તેવી જીદ પૂરી ન થતાં પાકિસ્તાને WCL છોડ્યું

નવી દિલ્હી

વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ (WCL)ની ત્રીજી સિઝનમાંથી પાકિસ્તાન ચેમ્પિયન્સે પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (PCB) પોતાના ખેલાડીઓને એનઓસી (NOC) આપવાનો ઈનકાર કરતાં ટીમે WCL 2026માંથી હટી જવું પડ્યું છે. PCBએ એનઓસી આપવા માટે આયોજકો સમક્ષ કેટલીક વિચિત્ર શરતો મૂકી હતી, જેમાં મુખ્ય શરત ભારતીય ખેલાડીઓ પાસેથી લેખિતમાં માફી મંગાવવાની હતી. આ બેતૂકી શરત ન સ્વીકારાતાં આખરે પાકિસ્તાનને ટૂર્નામેન્ટ ગુમાવવી પડી છે. જૂનો વિવાદ: ગત વર્ષે WCLની બીજી સિઝન




દરમિયાન ભારતીય ટીમે પાકિસ્તાન સામે રમવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો, જેના કારણે PCB અગાઉ પણ નારાજગી વ્યક્ત કરી ચૂક્યું હતું. લેખિત માફીની માંગણી: આ વખતે એનઓસી આપવા માટે PCBએ આયોજકો સમક્ષ શરત રાખી કે ટીમ ઈન્ડિયા ગત વર્ષે રમવાની ના પાડવા બદલ લેખિતમાં માફી માંગે. હેન્ડશેકની ગેરંટી: આ સાથે PCBએ એવી ખાતરી પણ માંગી હતી કે મેચ દરમિયાન બંને દેશોના ખેલાડીઓ વચ્ચે ઔપચારિક હેન્ડશેક થશે. આયોજકોએ કેટલીક બાબતો પર સહમતિ દર્શાવી હોવા છતાં ભારતીય ટીમની માફી અને હેન્ડશેક અંગેનું આશ્વાસન ન મળતાં પાકિસ્તાન ચેમ્પિયન્સને ટૂર્નામેન્ટમાંથી ખસી જવાની ફરજ પડી હતી.

# સૂર્યકુમાર સાથે ખોટું થયું! પત્ર લખીને વિનંતી કરી છતાં સિલેક્ટર્સ ન માન્યા

## સૂર્યકુમાર યાદવને મુંબઈની રણજી ટ્રોફી ટીમમાં સ્થાન મળ્યું નથી

મુંબઇ

ભારતને આ જ વર્ષે પોતાની કેપ્ટનશીપ હેઠળ T20 વર્લ્ડ કપ અપાવનારા કેપ્ટન સૂર્યકુમાર યાદવ હવે ટીમ ઈન્ડિયાનો હિસ્સો નથી. તેને ટીમમાંથી બહાર કરીને શ્રેયસ અય્યરને કેપ્ટનશીપ સોંપવામાં આવી છે. હવે સૂર્યકુમારને મુંબઈની રણજી ટ્રોફી ટીમમાં પણ સ્થાન નથી મળ્યું. સિલેક્ટર્સે તેની વિનંતી છતાં પણ તેને ટીમમાં સ્થાન ન આપ્યું. મુંબઈ ક્રિકેટ એસોસિએશનની સિલેક્શન કમિટીએ ચંદીગઢ સામે રમાનારી રણજી ટ્રોફી મેચ માટે ટીમની જાહેરાત કરી છે. આ ટીમમાં સૂર્યકુમારને સ્થાન ન મળ્યું. આ ત્યારે થયું છે જ્યારે સૂર્યકુમારે પત્ર લખીને સિલેક્ટર્સને જણાવ્યું હતું કે, હું પસંદગી માટે ઉપલબ્ધ છું. એક રિપોર્ટમાં આ વાતની જાણકારી સામે આવી છે. આ છે કારણ રિપોર્ટ પ્રમાણે સૂર્યકુમારે સિલેક્ટર્સને પત્ર લખીને રમવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ તેમ છતાં પણ તેમની પસંદગી કરવામાં ન આવી. MCAના ચીફ સિલેક્ટર રાજેશ પવારે આની પાછળ તર્ક આપતા કહ્યું કે, સૂર્યકુમારે લાંબા સમયથી લાલ બોલથી ક્રિકેટ નથી રમી અને એવામાં તેઓ ઈચ્છે છે કે સૂર્યકુમાર કેટલીક મેચ લાલ બોલથી રમીને લય હાંસલ કરી લે. તેમણે કહ્યુ કે, 'તે ચોક્કસપણે મોટો ખેલાડી છે અને મુંબઈ માટે પોતાને સાબિત કરી ચૂક્યો છે. અમે બસ એટલું જ ઈચ્છીએ છીએ કે તે કેટલીક મેચ લાલ બોલથી રમતા-રમતા લય મેળવી લે. તેણે છેલ્લા 18 મહિનાથી લાલ બોલથી ક્રિકેટ નથી રમી. તેથી અમે ઈચ્છીએ છીએ કે તે કેટલીક




મેચ રમે અને પછી તે ટીમમાં આવી શકે છે.' શાર્દુલ ઠાકુર બહાર, મ્હાત્રે વાઈસ કેપ્ટન આ ટીમમાં સૂર્યકુમાર સિવાય એક બીજું નામ છે જે નથી, અને તે છે શાર્દુલ ઠાકુરનું. ઠાકુર આ સમયે આંગળીની ઈજામાંથી ઉભરી રહ્યો છે. ટીમની કેપ્ટનશીપ સિદ્ધેશ લાડને સોંપવામાં આવી છે જ્યારે પોતાની કેપ્ટનશીપમાં ભારતને આ જ વર્ષની શરૂઆતમાં અંડર-19 વિશ્વ વિજેતા બનાવનારા આયુષ મ્હાત્રેને વાઈસ કેપ્ટન નિયુક્ત કરવામાં આવ્યો છે. યશસ્વી જયસ્વાલને પણ ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે જેથી તે ન્યુઝીલેન્ડ પ્રવાસની તૈયારી કરી શકે. ભારતને T20 વર્લ્ડ કપ અપાવનાર કેપ્ટન સૂર્યકુમાર યાદવને મુંબઈની રણજી ટ્રોફી ટીમમાં સ્થાન મળ્યું નથી. ચંદીગઢ સામેની મેચ માટે મુંબઈ ક્રિકેટ એસોસિએશનની પસંદગી સમિતિએ ટીમ જાહેર કરી, જેમાં તેની વિનંતી છતાં પસંદગી ન થઈ. સિલેક્ટર્સના મતે, સૂર્યકુમારે 18 મહિનાથી લાલ બોલ ક્રિકેટ ન રમ્યા હોવાથી, તેને લય મેળવવા થોડી મેચ રમવી પડશે.



### ફક્ત સરકારી બોન્ડ્સનો વૈશ્વિક જીડીપીના 80 ટકાથી વધુ હિસ્સો

# વૈશ્વિક બોન્ડ યીલ્ડમાં વધારો EM માટે ચિંતાનો વિષય

મુંબઇ

વૈશ્વિક બોન્ડ યીલ્ડમાં થયેલો ઉછાળો ઉભરતા બજારો (EM) માટે મૂડીના ખર્ચ સામે નવા પડકારો ઊભા કરે છે, અને હવે તેને માત્ર નાણાકીય નીતિ અને રાજકોષીય નીતિઓના દ્રષ્ટિકોણથી જ ન જોઈ શકાય, પરંતુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના ડેટ-ફાઈનાન્સિંગ (દેવા દ્વારા ભંડોળ એકત્ર કરવાના) પ્રયાસોની અસર તરીકે પણ જોવું પડશે તેમ આર્થિક બાબતોના સચિવ અનુરાધા ઠાકુરે વૈશ્વિક મૂડી ક્ષેત્રમાં આવેલા એક મોટા ફેરફાર તરફ ધ્યાન દોર્યું




હતું. તેમણે જણાવ્યું કે ફક્ત સરકારી બોન્ડ્સ હવે વૈશ્વિક જીડીપીના ૮૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે, જેનાથી સોવરેન બોન્ડ માર્કેટ રોકાણ કરી શકાય તેવા દેવાનો સૌથી મોટો સ્ત્રોત અને સમગ્ર નાણાકીય વ્યવસ્થામાં મૂડીના ખર્ચ માટેનો બેન્ચમાર્ક બની ગયું છે. સરકારો મોટા પાયે ઉધાર લઈ રહી હોવાથી, રોકાણકારો ફુગાવો, રાજકોષીય અનિશ્ચિતતા અને સમયગાળાના જોખમ માટે વધુ વળતરની માંગ કરી રહ્યા છે.

યુએસ ટ્રેઝરી બોન્ડ યીલ્ડ ૫.૩૪ ટકા પર પહોંચી ગઈ છે, જે ૨૦૦૨ પછીનું સર્વોચ્ચ સ્તર છે, અને જાપાનના લાંબા ગાળાના બોન્ડ યીલ્ડ ૧૯૯૬ પછીના સૌથી ઊંચા સ્તરે છે. ઉભરતા બજારો માટે આ એક મોટો પડકાર ઊભો કરે છે, કારણ કે વૈશ્વિક બોન્ડ બજારોમાં મૂડીની ઓપોર્ચ્યુનિટી કોસ્ટ હોય છે, અને આ બાબતમાં વૈશ્વિક અસંતુલન પણ ઉમેરાય છે. જ્યારે વેપાર તુલનાત્મક ફાયદાઓને બદલે સુરક્ષા અને ભૂ-રાજકીય ચિંતાઓને આધારે ગોઠવવામાં આવે છે, ત્યારે માલસામાન અને મૂડીની હેરફેર ઓછી કાર્યક્ષમ બને છે.

### ડોલર સામે રૂપિયો વધુ નબળો પડવાની આયાતકારોને ચિંતા

# 77 અબજ ડોલર સાથે કરન્સી હેજિંગ સપ્ટેમ્બરમાં ઓલટાઈમ હાઈ સપાટીએ રહ્યું

મુંબઇ

મુંબઈમાં ડોલર સામે રૂપિયો વધુ નબળો પડવાની ચિંતાથી આયાતકારોએ સપ્ટેમ્બરમાં 77 અબજ ડોલરનું કરન્સી હેજિંગ કર્યું, જે અત્યાર સુધીનું સૌથી ઊંચું છે. ક્રુડના ઊંચા ભાવ અને FPIની વેચવાલીથી રૂપિયા પર દબાણ ચાલુ છે. RBIએ FCNR-B સ્કીમ દ્વારા 127 અબજ ડોલરનો પ્રવાહ મેળવ્યો હોવા છતાં, અપેક્ષિત સુધારો થયો નથી. ડોલર સામે રૂપિયો વધુ તૂટવાની ધારણાંએ આયાતકારો દ્વારા ગયા મહિને હેજિંગમાં જંગી વધારો થયો છે. રૂપિયાની કોઈપણ નબળાઈ સામે સુરક્ષિત રહેવા સપ્ટેમ્બરમાં આયાતકારો દ્વારા ૭૭ અબજ ડોલરની કરન્સી હેજ કરવામાં આવી હોવાનું પ્રાપ્ત ડેટા



પરથી જણાય છે. ડોલર સામે રૂપિયાને વધુ ઘટતો અટકાવવા રિઝર્વ બેન્ક દ્વારા જૂનમાં ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) (એફસીએનઆર-બી) ડિપોઝિટ સ્કીમ જાહેર કરવામાં આવી હતી અને આ સ્કીમ હેઠળ ૧૨૭ અબજ ડોલરનો પ્રવાહ જોવા મળ્યો હતો. આ પ્રવાહ છતાં રૂપિયામાં અપેક્ષિત સુધારો જોવા મળ્યો નથી અને ક્રુડ તેલના ઊંચા ભાવને કારણે રૂપિયા પર દબાણ જળવાઈ રહ્યું છે. સપ્ટેમ્બરમાં કરન્સી હેજની માત્રા વાર્ષિક ધોરણે ૮૦ ટકા ઊંચી રહી છે એટલું જ નહીં કોઈ એક મહિનામાં ૭૭ અબજ ડોલરનું હેજિંગ અત્યારસુધીનું સૌથી ઊંચુ હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું. આયાતકારોની સરખામણીએ નિકાસકારોનું કરન્સી હેજિંગ ૪૧ અબજ ડોલર રહ્યું છે જે વાર્ષિક ધોરણે ૭૭ ટકા વધુ છે. હેજિંગની માત્રા પરથી કંપનીઓ રૂપિયાની હિલચાલ અંગે કેવી અપેક્ષા રાખે છે તેનો અંદાજ મળી રહે છે.

### ઓગસ્ટમાં પ્રથમ ક્રમે રહેલું અમેરિકા ત્રીજા ક્રમે ધકેલાઈ ગયુ

# 27 ટકા હિસ્સા સાથે ઓમાન ભારતનું એલએનજીનું સૌથી મોટુ પૂરવઠેદાર

**સપ્ટેમ્બરમાં ઓમાન 27% શિપમેન્ટ સાથે ભારતનું સૌથી મોટું LNG પૂરવઠેદાર બન્યું છે. ઓગસ્ટમાં 35% હિસ્સા સાથે અમેરિકા પ્રથમ ક્રમે હતું, જે હવે 16% સાથે ત્રીજા સ્થાને ધકેલાઈ ગયું છે.**

મુંબઇ

પશ્ચિમ એશિયા યુદ્ધને પરિણામે દેશના લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી)ના પૂરવઠેદારોમાં મોટા બદલાવ આવી રહ્યા છે. સપ્ટેમ્બરમાં ૨૭ ટકા શિપમેન્ટ હિસ્સા સાથે ઓમાન ભારતનું એલએનજીનું સૌથી મોટુ પૂરવઠેદાર રહ્યું છે જ્યારે ઓગસ્ટમાં ૩૫ ટકા સાથે અમેરિકા સૌથી મોટુ પૂરવઠેદાર રહ્યું હતું.

એક સમયે ભારતના એલએનજીના આયાત પૂરવઠામાં કતારનો મોટો હિસ્સો રહેતો હતો ત્યાંથી ઓગસ્ટમાં આયાત લગભગ શૂન્ય રહ્યા બાદ સપ્ટેમ્બરમાં સહેજ વધી ૪.૩૦ ટકા રહી છે.

સપ્ટેમ્બરમાં ઓમાન ખાતેથી ભારતે ૫.૮૫ લાખ ટન એલએનજીની આયાત કરી છે જે ઓગસ્ટની સરખામણીએ ૧૧.૫૦ ટકા વધુ છે એમ કેપ્લરના ડેટા જણાવે છે.

ઓમાન બાદ ૩.૫૧ લાખ ટન સાથે નાઈજિરિયા બીજા ક્રમે રહ્યું છે જ્યારે અમેરિકા ખાતેથી ઓગસ્ટની સરખામણીએ આયાત ૫૯ ટકા ઘટી ૩.૪૭ લાખ ટન રહી છે.




ભારતની સપ્ટેમ્બરની એલએનજીની આયાતમાં અમેરિકાનો હિસ્સો ઘટી ૧૬ ટકા પર આવી ગયો છે. ૯૪૦૦૦ ટન સાથે કતાર છઠ્ઠો મોટો પૂરવઠેદાર રહ્યો છે.યુદ્ધ પહેલા ભારતની એલએનજી આયાતમાં કતારનો હિસ્સો ૪૫ ટકા જેટલો રહેતો હતો.

ઓગસ્ટમાં ૨૫ લાખ ટનની સરખામણીએ સપ્ટેમ્બરમાં ભારતની એલએનજી આયાત ૧૪ ટકા ઘટી ૨૧.૭૦ લાખ ટન રહ્યાનું પણ પ્રાપ્ત ડેટા જણાવે છે.

એલએનજીના વૈશ્વિક પૂરવઠામાં કતારનો હિસ્સો ૧૯ ટકા જેટલો રહ્યો છે. કતારના રાસ લફાન ઈન્ડસ્ટ્રીઅલ સિટી પર ઈરાનના હુમલા બાદ સ્થિતિ થાળે પાડતા મહિનાઓ લાગી શકે છે.

ભૌગોલિરરાજકીય અશાંતિને ધ્યાનમાં રાખી ભારતે તેની ઈંધણની જરૂરિયાતને પહોંચી વળવા તેના આયાત સ્રોતોમાં બદલાવ કરવાની ફરજ પડી છે. પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે મધ્ય પૂર્વના વિસ્તાર ખાતેથી એલએનજી તથા ક્રુડ તેલનો પૂરવઠો ખોરવાઈ ગયો છે.

# ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટના નિયમોમાં અમુક ફેરફારની શક્યતા

- **ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટના ભાવ નક્કી કરવા માટે ક્લોઝિંગ ઓકશનનો ઉપયોગ એક વર્ષ માટે મોકૂફ રહી શકે છે**

મુંબઇ

મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટના ભાવ નક્કી કરવા માટે ક્લોઝિંગ ઓકશનનો ઉપયોગ ઓછામાં ઓછા એક વર્ષ માટે મોકૂફ રાખે એવી શકયતા છે.

આ અંગેની જાણકારી ધરાવતા સૂત્રોએ આ માહિતી આપી હતી. ડેરિવેટિવ્ઝના સેટલમેન્ટ માટે છેલ્લી ૩૦ મિનિટના ટ્રેડિંગના વોલ્યુમ-વેઈટેજ સરેરાશ ભાવ અપનાવવામાં આવી શકે છે. જ્યારે ઓછી તરલત ધરાવતા શેરો માટે ક્લોઝિંગ ઓક્શન યથાવત રાખવામાં આવી શકે છે. આ પગલું સેબી દ્વારા શેરોના અને ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના અંતિમ ભાવ નક્કી કરવા માટે તાજેતરમાં અમલમાં મૂકવામાં આવેલી નવી વ્યવસ્થામાં આંશિક ફેરફાર સમાન હશે. સેબીએ ઓગસ્ટમાં એવા શેરો માટે ક્લોઝિંગ ઓકશન સેશન (સીએએસ) મેકેનિઝમ શરૂ કર્યું હતું, જેના પર ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ કોન્ટ્રાક્ટ ઉપલબ્ધ છે.

આ વ્યવસ્થા હેઠળ ટ્રેડિંગ દિવસના અંતે ટૂંકા સમય માટે યોજાતા ઓક્શન દ્વારા શેરનો ક્લોઝિંગ ભાવ નક્કી કરવામાં આવે છે. અમેરિકા અને હોંગકોંગ સહિતના કેટલાક વૈશ્વિક બજારોમાં પણ આ પ્રકારની પદ્ધતિનો ઉપયોગ થાય છે.

### અમદાવાદના મકરબા બ્રિજની ડિઝાઇનમાં ગંભીર ખામી

# AMCની લાલ આંખ, જવાબદાર 'ડેલ્ફ કન્સલ્ટન્સી' સામે કડક નોટિસથી ખળભળાટ!

## પ્રજા વેરા ભરે ને અધિકારીઓ મલાઈ ખાય, સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં લાખો-કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થતા વિકાસના પ્રોજેક્ટ્સ કઈ રીતે ભ્રષ્ટ આયોજન અને બેદરકારીનો ભોગ બને છે તેનું વધુ એક જીવંત ઉદાહરણ મકરબા રેલવે ઓવરબ્રિજ મામલે સામે આવ્યું છે. એસ.જી. હાઈવે અને આસપાસના વિસ્તારોને જોડતા ચર્ચાસ્પદ બ્રિજની ડિઝાઈનમાં ઘોર બેદરકારી અને ગંભીર ખામીઓ બહાર આવતા આખરે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) તંત્ર હરકતમાં આવ્યું છે. બ્રિજના પ્લાનિંગ અને ડિઝાઈનમાં ગંભીર ક્ષતિઓ દાખવીને પ્રજાના ટેક્સના પૈસાનું પાણી કરનાર કન્સલ્ટન્સી ફર્મ સામે AMC એ લાલ આંખ કરીને આકરી નોટિસ ફટકારી છે.



મળતી સત્તાવાર વિગતો મુજબ, તાજેતરમાં જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે મકરબા રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ બ્રિજ શરૂ થયા બાદ ટ્રાફિકની સમસ્યા હળવી થવાના દાવાઓ પોકળ સાબિત થયા અને ઊલટાનું આ બ્રિજ વાહનચાલકો માટે ભારે મુસીબત અને માથાનો દુખાવો સાબિત થયો છે. બ્રિજના ઉતરાણના છેડા (Landing) અને વળાંકો એવા ખરાબ સ્થળે મૂકવામાં આવ્યા છે કે વાહનચાલકોને આવવા-જવામાં ભારે જોખમ અને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. કોર્પોરેટ રોડના ચાર રસ્તા પર બ્રિજ સીધો ઉતરતો હોવાથી અને વિઝન ક્લિયર ન મળવાના કારણે ટ્રાફિક જામની ભયાનક સમસ્યા સર્જાઈ છે. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ કે તંત્રએ લોકાર્પણના બીજા જ દિવસે મુખ્ય રોડ બંધ કરીને બેરિકેડ્સ અને ડાયવર્ઝન આપવા પડ્યા હતા. આ ગંભીર ત્રાસના કારણે સ્થાનિક નાગરિકો અને રોજિંદા વાહનચાલકોને ૩૦૦ થી ૫૦૦ મીટરના વધારાના ચકરાવા કાપવાની ફરજ પડી રહી છે. આસપાસ ફાયર સ્ટેશન જેવી મહત્વની સુવિધાઓ હોવાથી ઈમરજન્સી વાહનો પણ ટ્રાફિકમાં ફસાવા લાગ્યા છે. બ્રિજના આ નબળા અને વાહિયાત આયોજનને લઈને પ્રજા અને મીડિયામાં ભારે રોષ ફેલાયા બાદ AMC નું શાસક તંત્ર જાગ્યું છે. આ વિવાદિત બ્રિજની ડિઝાઈન તૈયાર કરનાર જવાબદાર ખાનગી એજન્સી 'ડેલ્ફ કન્સલ્ટન્સી' (DELF India Pvt. Ltd.) ને AMC દ્વારા સત્તાવાર રીતે કારણદર્શક (Show-Cause) નોટિસ ફટકારવામાં આવી છે. કોર્પોરેશને નોટિસમાં સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરી છે કે, બ્રિજ નિર્માણ અગાઉ ટ્રાફિક ફ્લો, ટેકનિકલ માપદંડો અને કનેક્ટિવિટીનું યોગ્ય આકેલન કેમ કરવામાં ન આવ્યું? શા માટે બ્રિજના કારણે પ્રજાએ હાલાકી ભોગવવી પડી રહી છે? આ ખામીયુક્ત ડિઝાઈનના કારણે મ્યુનિસિપાલિટીની છબી પણ ભારે ડાઘ લાગ્યો છે. AMC દ્વારા કન્સલ્ટન્સી કંપનીને માત્ર ૩ દિવસનો સમય આપીને ખુલાસો માંગવામાં આવ્યો છે કે શા માટે તમારી સામે કોન્ટ્રાક્ટની શરતો મુજબ દંડાત્મક કાર્યવાહી (Penalties) કે બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી ન કરવામાં આવે? આ ઉપરાંત, બ્રિજમાં સુધારાત્મક કામ પાછળ થનારો આર્થિક ખર્ચ પણ આ જ એજન્સી પાસેથી વસૂલવાની કડક ચીમકી આપવામાં આવી છે. જો કંપની સમયસર સંતોષકારક જવાબ નહીં આપે, તો તંત્ર દ્વારા એજન્સીના જોખમે અને ખર્ચે ડિઝાઈનમાં મોટા ફેરફારો કરવાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રજાના કરોડો રૂપિયા વેડફી નાખનાર આવા જવાબદાર ઈજનેરો અને કન્સલ્ટન્ટ્સ સામે AMC ની આ લાલ આંખથી ભ્રષ્ટ તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે, ત્યારે હવે જોવાનું એ રહેશે કે આ કન્સલ્ટન્સી શું ખુલાસો આપે છે અને બ્રિજની સમસ્યાનો કાયમી ઉકેલ ક્યારે આવે છે.

### વિરમગામના સચાણામાં

## મકાનના દરવાજા મુદ્દે જૂથ અથડામણ, 3 ઈજાગ્રસ્ત, 9 લોકો સામે ફરિયાદ



અમદાવાદ

અમદાવાદના વિરમગામ તાલુકાના સચાણા ગામમાં નવા બનતા મકાનનો દરવાજો રસ્તા તરફ રાખવા મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી. રાજપુતવાસમાં 9 શખ્સોના ટોળાએ લાકડીઓ વડે પિતા-પુત્ર સહિત 3 વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો. વૃદ્ધ નવલસંગ પરમારને માથામાં ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં દાખલ કરાયા. વિરમગામ રૂરલ પોલીસે 9 લોકો સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વિરમગામ તાલુકાના સચાણા ગામમાં નવા બની રહેલા મકાનનો દરવાજો રસ્તા તરફ રાખવા બાબતે ઉગ્ર બોલાચાલી બાદ હિંસક અથડામણની ઘટના સામે આવી છે. સચાણા ગામના રાજપુતવાસમાં નિર્માણાધીન મકાનમાં દરવાજાના મુદ્દે તકરાર વધતાં 9 લોકોના ટોળાએ લાકડીઓ સાથે ધસી આવી પિતા-પુત્ર સહિત ત્રણ વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો. મળતી માહિતી અનુસાર, સચાણાના રાજપુતવાસમાં મકાન નિર્માણ દરમિયાન દરવાજો રસ્તા તરફ રાખવા અંગે તકરાર થઈ હતી. આ મુદ્દે ઉશ્કેરાઈને અજય ભરવાડ સહિત 9 શખસોનું ટોળું લાકડીઓ જેવા હથિયારો સાથે ધસી આવ્યું હતું. હુમલાખોરોએ ફરિયાદી, તેના પુત્ર અને પિતા નવલસંગ પરમાર પર તૂટી પડીને લાકડીઓ વડે ઢોર માર માર્યો હતો. આ હુમલામાં નવલસંગ પરમારના માથાના ભાગે લાકડીનો જોરદાર ઘા વાગતાં તેઓ લોહીલુહાણ થઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હુમલાખોરોએ જો મકાનનો દરવાજો તે તરફ મૂકવામાં આવશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઘટના બાદ તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે વિરમગામની શિવ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં માથામાં ગંભીર ઈજા પામેલા વૃદ્ધ નવલસંગ પરમારને ટાંકા આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

# સંક્ષીપ્ત સમાચાર

### UGVCL ના વીજ વાયરો ચોરતી કુખ્યાત ગેંગ ઝડપાઈ: કોઠ અને ધોળકા પોલીસ ચોપડે નોંધાયેલા ગુનાઓનો ભેદ ઉકેલાયો

અમદાવાદ જિલ્લામાં વીજ કંપનીના થાંભલાઓ પરથી જીવંત અને સક્રિય વીજ વાયરો ચોરી કરી ફરાર થઈ જતા તસ્કરો સામે અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ લાલ આંખ કરી છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (UGVCL) ના વીજ વાયરોની ચોરી કરતી કુખ્યાત અને સક્રિય ગેંગના 6 ઈસમોને ગ્રામ્ય LCB ની ટીમે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પકડાયેલા આ આરોપીઓ પાસેથી પોલીસે કુલ 6.50 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની સકંજાની કાર્યવાહી શરૂ કરી છે. ઘટનાની વિગતો મુજબ, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી UGVCL ના વીજ થાંભલાઓ પરથી અચાનક વાયરો ગાયબ થઈ જવાના અને વીજ પુરવઠો ખોરવાઈ જવાના બનાવો વધી રહ્યા હતા. જેને ગંભીરતાથી લઈને ગ્રામ્ય LCB ની ટીમે આ ગુનાઓને ડામવા માટે બાતમીદારો અને ટેક્નિકલ સર્વેલન્સની મદદથી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડા પાડીને આંતરરાજ્ય કે સક્રિય ગેંગનો પર્દાફાશ કર્યો હતો.

### ન્યૂ રાણીપમાં ફૂટપાથ પરથી 1 મહિનાના માસૂમ બાળકની ઉઠાંતરી કરનાર કુખ્યાત તસ્કર ગેંગનો પર્દાફાશ

ગુજરાતના પ્રશાસનિક અને આર્થિક પાટનગર ગણાતા અમદાવાદ શહેરમાં માનવ તસ્કરી (ચાઈલ્ડ ટ્રાફિકિંગ) અને બાળ ચોરીનું એક અત્યંત શરમજનક અને હચમચાવી નાખનારું કાવતરું અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને રાણીપ પોલીસની સંયુક્ત તેમજ સક્રિય તપાસ દ્વારા બેનકાબ થયું છે. શહેરના ન્યૂ રાણીપ વિસ્તારમાં અહવાલિયા તળાવ પાસે ખુલ્લી ફૂટપાથ પર ખાટલામાં ગાઢ નિંદ્રામાં સૂતેલા શ્રમિક પરિવારના માત્ર ૧ મહિના અને ૭ દિવસના લાડકવાયા માસૂમ બાળકની ઉઠાંતરી કરનાર ગેંગના સૂત્રધારોને પોલીસે દબોચી લીધા છે. નિઃસંતાન દંપતીને ઊંચી કિંમતે બાળક વેચી મારવાના આ ઘૃણાસ્પદ કાવતરામાં જીનલ અને પ્રવિણ યાદવ સહિત કુલ 3 મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેનાથી સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાત-દિવસ મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો એક ગરીબ શ્રમિક પરિવાર ન્યૂ રાણીપ વિસ્તારમાં આવેલા અહવાલિયા તળાવ પાસે ફૂટપાથ પર પોતાનો આશરો બનાવીને રહેતો હતો. દિવસભરની થાક અને મજૂરી બાદ આ શ્રમિક દંપતી પોતાના પરિવાર સાથે ફૂટપાથ પર મૂકેલા ખાટલા પર ગાઢ ઊંઘમાં હતું.

### અમદાવાદમાં ક્રાઈમ બ્રાન્ચની મોટી ડાયલી: કાંકરિયાથી હથિયાર સાથે કુખ્યાત શખ્સ ઝડપાયો

અમદાવાદ શહેરમાં અસામાજિક તત્વો અને ગુનેગારો પર સકંજો કસવા માટે સક્રિય બનેલી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વધુ એક ગંભીર ગુનાનો પર્દાફાશ કર્યો છે. શહેરના અત્યંત લોકપ્રિય અને વ્યસ્ત ગણાતા કાંકરિયા વિસ્તારમાંથી ગેરકાયદેસર અગ્નિશસ્ત્ર સાથે ફરતા એક કુખ્યાત યુવકને ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પકડાયેલા શખ્સ પાસેથી જીવલેણ હથિયારોનો જથ્થો મળી આવતા પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. મળતી વિગતો અનુસાર, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ શહેરમાં પેટ્રોલીંગ અને નાકાબંધી પર હતી, તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે કાંકરિયા વિસ્તારમાંથી ફરમાન અન્સારી નામના શખ્સને કોર્ડન કરીને દબોચી લેવામાં આવ્યો હતો. પોલીસે જ્યારે તેની સઘન તલાશી લીધી, ત્યારે તેના કબ્જામાંથી ૨ દેશી તમંચા અને ૩ જીવતા કારતુસ મળી આવ્યા હતા. પોલીસે આ તમામ ઘાતક હથિયારો અને કારતુસ જપ્ત કરીને આરોપી સામે કાયદેસરની કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે.

### ગ્રામ્ય LCBની લાલ આંખ: ધોલેરાના મીંગલપુર ગામમાં મહાકાળી મંદિર પાસે ધમધમતા જુગારધામ પર રેડ

અમદાવાદ જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ અને ગેરકાયદે જુગારના અડ્ડાઓ સામે અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ આક્રમક અભિયાન હાથ ધર્યું છે. ગ્રામ્ય LCB ની ટીમે બાતમીના આધારે ધોલેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા મીંગલપુર ગામે સપાટો બોલાવ્યો છે.

મહાકાળી મંદિર પાસે ખુલ્લી જગ્યામાં બેફામ બનીને જુગાર રમી રહેલા ૮ ત જુગારીઓને પોલીસે રેડ પાડીને રંગે હાથ દબોચી લીધા છે. મળતી વિગતો મુજબ, અમદાવાદ ગ્રામ્ય LCB ની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે ધોલેરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મીંગલપુર ગામના પાદરમાં આવેલ મહાકાળી મંદિર પાસે કેટલીક શખ્સો ભેગા મળીને જાહેરમાં જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે ત્વરિત કાર્યવાહી કરીને પોલીસ કાફલાએ તે જગ્યા પર અચાનક દરોડો પાડ્યો હતો. પોલીસને અચાનક સામે જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ સજ્જ પોલીસ ટીમે ચારેય બાજુથી ઘેરાબંધી કરીને તમામ આરોપીઓને ઝડપી લીધા હતા. પોલીસે પકડાયેલા જુગારીઓની અંગજડતી અને સ્થળ પરથી દાવ પર લગાવેલા તેમજ કુલ મળીને ૬૨ હજાર રૂપિયાથી વધુની રોકડ રકમ જપ્ત કરી છે.

### અમદાવાદના કાલુપુરમાં ખળભળાટ

## ટ્રાફિક નિયંત્રણ બાબતે TRB જવાન અને રિક્ષાચાલક વચ્ચે ઉગ્ર બોલાચાલીથી ટ્રાફિકજામ

અમદાવાદ

ઐતિહાસિક અને અત્યંત ધમધમતા એવા અમદાવાદના કાલુપુર વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિક સંચાલનને લઈને એક મોટો વિવાદ સામે આવ્યો છે. કાલુપુર વિસ્તારમાં ફરજ પર હાજર રહેલા TRB (ટ્રાફિક બ્રિગેડ) જવાન અને એક રિક્ષાચાલક વચ્ચે કોઈ ગરમાગરમ મુદ્દે તીખી બોલાચાલી થતાં થોડીવાર માટે અફરાતફરી અને તંગદિલીભર્યું વાતાવરણ સર્જાઈ ગયું હતું. આ ઘટનાને પગલે રસ્તા વચ્ચે જ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. મળતી પ્રાથમિક વિગતો મુજબ, કાલુપુરના અત્યંત વ્યસ્ત માર્ગ પર ટ્રાફિક નિયમન કે અન્ય કોઈ બાબતને લઈને TRB જવાન અને રિક્ષાચાલક સામસામે આવી ગયા હતા. બંને વચ્ચે શરૂ થયેલી સામાન્ય બોલાચાલી એટલી હદે વધી ગઈ કે જોતજોતામાં ઉગ્ર તુતું-મેમેં શરુ થઈ ગઈ હતી. રિક્ષાચાલક અને TRB જવાન વચ્ચે થયેલી આ બેફામ બોલાચાલીથી આસપાસના રાહદારીઓ અને વેપારીઓમાં પણ ભારે ચર્ચાનો વિષય બન્યો હતો. ઘટના સ્થળે લોકોના ટોળા એકઠા થઈ જતા ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બની હતી. આ ગરમાગરમ વિવાદ પાછળનું અસલી કારણ શું હતું? શું રિક્ષાચાલકે નો-પાર્કિંગ કે રોંગ સાઈડમાં વાહન હંકાર્યું હતું? કે પછી TRB જવાન દ્વારા કોઈ દાદાગીરી કે ગેરવર્તણૂક કરવામાં આવી હતી? તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર અને સ્પષ્ટ કારણ બહાર આવ્યું નથી. વિવાદની શરૂઆત કયા પક્ષ તરફથી થઈ હતી તે પણ તપાસનો વિષય બન્યો છે. સ્થાનિક નાગરિકો અને રોજિંદા વાહનચાલકોમાં સવાલ ઉઠી રહ્યો છે કે આ સમગ્ર ઘટનામાં સાચો વાંક કોનો? શું કાયદાનું પાલન કરાવવા માટે નિયુક્ત TRB જવાનો પોતાની મર્યાદા ભૂલી રહ્યા છે? કે પછી કેટલાક બેફામ રિક્ષાચાલકો ટ્રાફિકના નિયમોને નેવે મૂકીને રોફ જમાવી રહ્યા છે? સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ, વાયરલ વીડિયો કે અન્ય પુરાવાઓ સામે આવ્યા બાદ જ હકીકત બહાર આવશે કે દૂધનું દૂધ અને પાણીનું પાણી થશે.

### અમદાવાદ સેશન્સ કોર્ટ બહાર વકીલોનો અગ્નિશમન વિરોધ

## ભાડા વિધેયકની નકલો સળગાવી સરકાર સામે બુલંદ અવાજ, હડતાળ યથાવત

અમદાવાદ

ગુજરાતમાં ભાડા અને મિલકત વિવાદોને લગતા નવા વિવાદાસ્પદ કાયદા સામે ન્યાયિક જગતમાં ભૂકંપ સર્જાયો છે. અમદાવાદ સેશન્સ કોર્ટ બહાર આજે વકીલો દ્વારા એક અત્યંત ઉગ્ર અને અનોખો વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા લાવવામાં આવેલા નવા ભાડા વિધેયક (રેન્ટ બિલ) ના વિરોધમાં વકીલોએ સેશન્સ કોર્ટની બહાર કાયદાની નકલો સળગાવીને પોતાનો રોષ ખૂલ્લેઆમ વ્યક્ત કર્યો હતો. વકીલોના આ ઉગ્ર દેખાવોથી કોર્ટ પરિસરમાં ભારે હલચલ મચી ગઈ હતી. નવા રેન્ટ બિલના વિરોધમાં વકીલો દ્વારા છેલ્લા કેટલાક સમયથી હડતાળ અને વિરોધ પ્રદર્શન ચલાવવામાં આવી રહ્યા છે, જે આજે પણ પૂરા જોશ સાથે યથાવત રહ્યા છે. વકીલોની સ્પષ્ટ માંગ છે કે જ્યાં સુધી સરકાર આ કાળા કાયદા બાબતે કોઈ સંતોષકારક લેખિત બાંહેધરી નહીં આપે, ત્યાં સુધી તેમનું આ આંદોલન આ જ રીતે ચાલુ રહેશે. સેશન્સ કોર્ટ પરિસરમાં એકત્ર થયેલા હજારો વકીલોએ સરકાર વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા અને કાયદાની નકલોને જાહેરમાં અગ્નિને હવાઈ હતી. આંદોલનકારી વકીલોએ આક્ષેપ કર્યો છે કે ભાડા સંબંધિત વિવાદોને સિવિલ અદાલતોને બદલે વહીવટી તંત્ર કે અન્ય મંચો પર લઈ જવાની જોગવાઈથી સામાન્ય પક્ષકારો અને અસીલોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. યોગ્ય ન્યાય મેળવવાની પ્રક્રિયા જટિલ બનવાની સાથે-સાથે વર્ષોથી આ ક્ષેત્ર સાથે જોડાયેલા વકીલોની રોજગારી અને જૂના ભાડૂતોના હિતો પણ ગંભીર જોખમમાં મુકાઈ ગયા છે.



## મ્યુનિ. કોર્પોરેશનની બેધારી નીતિ અને બેવડા ધોરણો સામે જનતામાં ભારે રોષ

### ગરીબોના ઘર પર બુલડોઝર ચલાવનાર AMC અમુક સોસાયટીના દબાણો સામે મૂકપ્રેક્ષક કેમ બની ગઈ?

અમદાવાદ

અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની કામગીરી સામે લોકમુખે અનેક સવાલો ઉઠી રહ્યા છે. AMC દ્વારા સામાન્ય જનતા અને ગરીબ વર્ગ સાથે સતત ભેદભાવ રાખવામાં આવી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. એક તરફ સત્તાવાળાઓ દ્વારા ટાઉન પ્લાનિંગ (TP) સ્કીમના નામે હજારો ગરીબો અને શ્રમજીવીઓના મકાનો તોડીને તેમને બેઘર કરી દેવામાં આવ્યા છે, તો બીજી તરફ ખુદ AMC ના જ નરોડા નોર્થ ઝોન એટલે કે સરદારનગર વોર્ડમાં તંત્રની મિલીભગત કે લાચારી સ્પષ્ટપણે જોવા મળી રહી છે. વિગતો મુજબ, સરદારનગર વોર્ડમાં આવેલ ટીપી સ્કીમ



નંબર 97 (TP 97) માં સત્તાવાર રીતે 12 મીટરનો મોટો રોડ મંજૂર કરવામાં આવ્યો છે અને નકશામાં દર્શાવવામાં આવ્યો છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ઝમીન પર આ રોડનું કોઈ અસ્તિત્વ જ નથી! આ વિસ્તારમાં અમુક સોસાયટીના પ્રભાવશાળી લોકો દ્વારા મંદિરનું બહાનું બનાવીને કે આડશ ઊભી કરીને આ જાહેર માર્ગનું કામ અટકાવી દેવામાં આવ્યું છે. સામાન્ય નાગરિકો માટે વિકાસના દાવા કરતી AMC આ ગેરકાયદેસર અટકાયત અને દબાણ સામે આંખ આડા કાન કરીને ચૂપચાપ બેસી રહી છે. શહેરમાં જ્યારે ગરીબોના ઝૂંપડા કે સામાન્ય મકાનો તોડવાના હોય ત્યારે AMC નું તંત્ર પોલીસ ફોર્સ સાથે ત્વરિત દોડી જાય છે અને કાયદાનું પાઠ ભણાવે છે.

પરંતુ જ્યારે કોઈ વિસ્તારમાં મોટા માથાઓ કે ચોક્કસ સોસાયટીઓ દ્વારા સત્તાવાર રોડ પર દબાણ કરીને રસ્તો બ્લોક કરવામાં આવે, ત્યારે તંત્રની કાગીરી શંકાના ઘેરામાં આવી જાય છે. શું કાયદો અને નિયમો માત્ર ગરીબો અને મધ્યમ વર્ગ માટે જ છે? સત્તાધીશો અને AMC ના અધિકારીઓની આ બેધારી નીતિના કારણે નરોડા પંથકના નાગરિકોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

### નજર ચૂકવીને સોનાની વીંટી સેરવી લેતી કુખ્યાત ગેંગ ગણતરીના કલાકોમાં જ પોલીસ સકંજામાં

અમદાવાદ

અમદાવાદ શહેરમાં સામાન્ય નાગરિકોને નિશાન બનાવીને ચોરી અને છેતરપિંડી આચરતા તત્વો સામે રાણીપ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કવોડે લાલ આંખ કરી છે. રાણીપ વિસ્તારમાં રીક્ષાની મુસાફરી દરમિયાન એક ભોળી બહેનની નજર ચૂકવીને તેમની કિંમતી સોનાની વીંટી સેરવી લેનાર ઈસમોને રાણીપ પોલીસે ગણતરીના કલાકોમાં જ મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. પોલીસની આ ત્વરિત અને સરાહનીય કામગીરીથી રીક્ષા ચોરો અને લૂંટારૂઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ઘટનાની વિગતવાર માહિતી મુજબ, ફરિયાદી બહેન રાણીપ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા અને મુસાફરી માટે રીક્ષામાં બેઠા હતા. આ દરમિયાન રીક્ષામાં પહેલેથી જ બેઠેલા કુશળ તસ્કરોએ સોંસરવી ચાલાકી વાપરીને બહેનની નજર ચૂકવી લીધી હતી અને હાથમાંથી સોનાની કિંમતી વીંટી નજરહટાવતાની સાથે જ સેરવી લીધી હતી

### બજરંગ દળ-VHPના કાર્યકરો અને જવાનો વચ્ચે ઘર્ષણ!

## યુવતીની છેડતી મામલે રામોલ પોલીસ સ્ટેશનમાં હોબાળો!!

અમદાવાદ

અમદાવાદના રામોલ વિસ્તારમાં યુવતીની છેડતી મામલે આરોપી અરમાન મલિક સામે ગુનો નોંધાયો છે. આ ઘટના બાદ બજરંગ દળ અને VHP કાર્યકર્તાઓ રામોલ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. ત્યાં પોલીસ સાથે ઘર્ષણ થતાં મામલો ગરમાયો હતો. ઉચ્ચ અધિકારીઓએ દરમિયાનગીરી કરી શાંતિ સ્થાપી. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



રામોલ વિસ્તારમાં વોકિંગ કરી રહેલી યુવતીની છેડતી કરવા મામલે એક શખસ સામે ગુનો નોંધાયો છે. ઘટનાની જાણ થતાં બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં રામોલ પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા, જ્યાં પોલીસકર્મીઓ સાથે ઘર્ષણ અને ધક્કામુક્કી થતાં મામલો ગરમાયો હતો. પરિસ્થિતિ વણસતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સ્થળ પર દોડી આવી સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. પોલીસે આરોપી અરમાન મલિક સામે ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રામોલના જનતાનગરમાં રહેતી યુવતી ગત પાંચ ઓક્ટોબરના રોજ ઘર નજીક વોકિંગ કરી રહી હતી. આ દરમિયાન અરમાન મલિકે તેની સામે અશ્લીલ ઈશારા કર્યા હતા. આ બાબતે યુવતીએ ઘરે જઈને માતાને જાણ કરી હતી. યુવતીના જણાવ્યાનુસાર, આરોપીએ અઠવાડિયા પહેલાં પણ તેની સામે અશ્લીલ ઈશારા કર્યા હતા. જેથી માતા અને પરિવારજનો શખસને ઠપકો આપવા ગયા હતા. પરિવારજનો ઠપકો આપવા પહોંચતાં શખસે 'તમારે જે કરવું હોય તે કરી લો' તેમ કહી ઝઘડો કર્યો હતો.

આ બનાવને પગલે પરિવારે પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. આ અંગે યુવતીની માતાએ રામોલ પોલીસ સ્ટેશનમાં અરમાન મલિક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI